RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 76, Dt.08-06-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોદી સરકાર ૩.૦: કાલે દબદબાભેર શપથવિધિ



## કેબિનેટ રચના માટેની ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવી: મોટા સાથી પક્ષોને એક કેબિનેટ મંત્રાલય તથા બે થી ત્રણ રાજ્ય કક્ષાનું મંત્રીપદ મળશે: જયારે નાના પક્ષોને એક એક મંત્રી પદ આપવામાં આવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પરિણામો બાદ દેશમાં ત્રીજી વખત એનડીએની સરકાર રચાવાની છે. આવતીકાલે સાંજે નવી સરકારની શપથવિધિ સમારોહ યોજાશે. વડાપ્રધાનપદે નરેન્દ્ર મોદી તથા ભાજપ-સાથીપક્ષોના નેતાઓ પ્રધાનપદે શપથગ્રહણ કરશે. કેબીનેટ રચના માટેની ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવી હતી. મોટા સાથી પક્ષોને એક કેબીનેટ મંત્રાલય તથા બે-ત્રણ રાજયસભાના મંત્રીપદ મળશે જયારે નાનાપક્ષોને એક-એક મંત્રીપદ આપવામાં આવશે.

એનડીએની નવી સરકાર આવતીકાલે સાંજે ભવ્ય સમારોહમાં શપથ ગ્રહણ કરશે. દુનિયાના અનેક દેશોના વડાઓ તેમાં સામેલ થશે. ઉપરાંત સફાઈ કામદારો, ટ્રાન્જેન્ડરો તથા કામદારોને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યુ છે. ૮૦૦૦થી વધુ મહેમાનો સામેલ થવાની સંભાવના છે.

લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૪૦ બેઠકો જીતી હતી એટલે એકલા હાથે બહુમતી મળી શકી નથી ત્યારે ચંદ્રાબાબુ નાયડુની ૧૬, નીતીશકુમારના જેડીયુની ૧૨, એકનાથ શિંદેની શિવસેનાની સાત તથા ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટીની પાંચ બેઠકો તથા અન્ય નાના સહયોગી પક્ષોના સમર્થનના જોરે બહુમતી હાંસલ કરીને સરકારનું ગઠન કર્યુ છે.

નવી સરકારની શપથવિધિ પુર્વે પ્રધાનમંડળની રચના વિશે વાટાઘાટો માટે ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડાના નિવાસસ્થાને ચાર કલાક બેઠક ચાલી હતી. એનડીએના સીનીયર નેતા સામેલ થયા હતા. આજે ફરી વખત એનડીએ સંસદીયદળની બેઠક થશે તેમાં પ્રધાનમંડળના લીસ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

સૂત્રોના કહેવા પ્રમાણે ભાજપને સાથીપક્ષોના સમર્થનની સરકાર ચલાવવાની હોવાથી કેબીનેટ રચનામાં સાથી નેતાઓના દબાણને સ્વીકારીને બાંધછોડ કરવી પડે તે સ્પષ્ટ છે. સૂત્રોના કહેવા પ્રમાણે ટીડીપી, જેડીયુ જેવા મોટા પક્ષને એક-એક કેબીનેટ મંત્રાલય તથા બે-ત્રણ રાજયકક્ષાના મંત્રાલયો આપવામાં આવે તેમ મનાય છે. નાના પક્ષોને એક-એક મંત્રીપદ આપવામાં આવી શકે છે. જો કે, શિવસેના તથા લોક જનશક્તિ પાર્ટી દ્વારા વધુ મંત્રીપદ માંગવામાં આવી રહ્યા છે.

સૂત્રોના કહેવા પ્રમાણે ચંદ્રાબાબુ નાયડુ તથા નીતીશકુમારે સંપૂર્ણ સાથ-સહકારથી મોદીના નેતૃત્વમાં કામ કરવાનું જાહેર કર્યુ જ છે. અગાઉ એમ કહેવાતુ હતું કે નીતીશકુમારે રેલ્વે-ગ્રામ વિકાસ સહિતના ત્રણ મહત્વના મંત્રાલયો માંગવામાં આવ્યા હતા. ટીડીપી દ્વારા પણ લોકસભાના અધ્યક્ષપદ તથા મોટા મંત્રાલયોની માંગ કરવામાં આવી હતી.

ચિરાગ પાસવાને બે મંત્રીપદ માંગ્યા હતા. બિહારથી જીતેલા જીતનરામ માંઝીએ પણ મંત્રીપદ માંગ્યુ હતું. કાલે કેબીનેટની રચના પુર્વે બેઠકોનો ધમધમાટ છે. સાથીપક્ષોને કેટલા મંત્રીપદ અપાય છે અને કયા-કયા ખાતા આપવામાં આવે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

# કચ્છ બાદ દ્વારકાના દરિયા કિનારેથી કરોડો રૂપિયાનો ચરસનો જથ્થો પકડાતા ખળભળાટ

**મુખ્ય સમાચાર, જામ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વ્યાપક પ્રમાણમાં ઝડપાયેલા ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોએ વ્યાપક ચર્ચાઓ જગાવી છે. ત્યારે ગત મોડી રાત્રે દ્વારકા નજીકના રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી આશરે બે ડઝન જેટલા ચરસના પેકેટનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે પોલીસ દ્વારા વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે.



આ સમગ્ર પ્રકરણ અંગે બિન આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કચ્છ બાદ હવે દ્વારકા નજીક મીઠાપુર માર્ગ પર આવેલા રૂપેણ બંદર તથા વરવાળા ગામ વચ્ચેના દરિયાકાંઠા વિસ્તારમાં કેટલાક શંકાસ્પદ મનાતા પેકેટ પડ્યા હોવા અંગેની જાણ પોલીસ તંત્રને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને એના ઈન્ચાર્જ એસ.પી. હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દ્વારા રાત્રીના સમયે જ આ સ્થળે દોડી જઈ અને અહીં રહેલા પેકેટને કબજામાં લીધા હતા.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ આશરે ૨૦ થી ૨૫ જેટલા આ પેકેટમાં રહેલો આ પદાર્થ ચરસ જેવું નશાકારક પદાર્થ હોવાનું કહેવાય છે. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતા આ નશાકારક પદાર્થ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આટલું જ નહીં, બિન વારસુ મળી આવેલા કરોડો રૂપિયાની કિંમતના આ ડ્રગ્સ (ચરસ) સંદર્ભે રાત્રે જ પોલીસ દ્વારા કોમ્બિંગ તેમજ વ્યાપક ચેકિંગ કામગીરીની જવાબદારી એસ.ઓ.જી. પોલીસને સોંપવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસે સઘન કાર્યવાહી કરી અને આ ડ્રગ્સની ગુણવત્તા, કિંમત, સર્ચ ઓપરેશન સહિતની બાબતે કામગીરી કરી હતી. જો કે આ લખાય છે ત્યારે આ અંગેની કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

ગતરાત્રિના ઝડપાયેલા કરોડો રૂપિયાના ડ્રગ્સના જથ્થાના આ બનાવ વચ્ચે આજથી આશરે બે માસ પહેલા પણ દ્વારકા વિસ્તારમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ગતરાત્રે પણ ઝડપાયેલા આ નશાકારક પદાર્થોએ અનેક સવાલો ખડા કર્યા છે. દ્વારકા નજીકના દરિયા વિસ્તારમાંથી કરોડો રૂપિયાના ડ્રગ્સની વ્યાપક હેરાફેરી થતી હોવાના ચિત્ર વચ્ચે પોલીસ પાસે આવતા આ થોડા ડ્રગ્સના જથ્થા વચ્ચે મોટો જથ્થો પગ કરી જતો હોય તો નવાઈ નહીં તે બાબતની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સને બિનવારસુ હાલતમાં છોડી દેવા પાછળ ક્યું આયોજન કે રમત છે તેવા પણ પ્રશ્નો લોકોમાં પુછાય રહ્યા છે. વિદેશમાંથી દ્વારકાના દરિયા સુધી પહોંચતા કરોડો રૂપિયાના ડ્રગ્સ વચ્ચે બીજો કેટલો જથ્થો ક્યાં હશે તે બાબત પણ લોકો માટે જાણકારીનો વિષય છે. અગાઉ પોલીસ તપાસમાં અખાતના દેશોમાંથી ખંભાળિયા, સલાયા અને દ્વારકા પંથકમાં ડ્રગ્સ ઉતારીને અહીંથી મુંબઈ સહિતના સ્થળોએ સપ્લાય થતી હોવાનું ખુલ્યું હતું.

અગાઉ તત્કાલીન એસ.પી. સુનિલ જોશીએ અહીંથી ડ્રગ્સનું મોટું રેકેટ પકડી પાડી અને નાઈઝેરીયન શખ્સ તથા મુસ્લિમ શખ્સોને કરોડો રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. તે પછી પણ ડ્રગ્સની હેરાફેરી અવિરત રીતે ચાલી રહી હોવાનું આ ઝડપાયેલા આ ચરસના તથા પરથી ફલિત થાય છે. દાયકાઓ અગાઉ અહીંના સલાયા પંથકમાં સોના તેમજ ઇલેક્ટ્રોનિક્સ ચીજ વસ્તુઓની હેરાફેરી થતી.

પરંતુ હવે ડ્રગ્સની વધતી જતી માંગ તેમજ અન્ય પરિબળોએ ડ્રગ્સના જથ્થાને સાંતળવો સહેલો પડતો હોય અને વહાણવટીઓ પણ આ બાબતથી પૈસા કમાવવાના શોર્ટકટમાં ડ્રગ્સની હેરાફેરીનો ધંધો વ્યાપક બન્યો હોવાનું કહેવાય છે. ત્યારે બિન વારસુ ઝડપાયેલા આ જથ્થા સંદર્ભે જિલ્લા પોલીસ દ્વારા ઊંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

# ભારત જોડો યાત્રાને કારણે કોંગ્રેસની બેઠકો વધી: ખડગે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક દિલ્હીની અશોક હોટલમાં મળી છે. બેઠકમાં સોનિયા, રાહુલ, પ્રિયંકા ગાંધી સહિત ઘણા દિગ્ગજ નેતાઓ હાજર છે. ખડગેએ કહ્યું - જ્યાં પણ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાય યાત્રા પસાર થઈ, ત્યાં પાર્ટીની બેઠકો વધી છે.



બેઠકમાં ચૂંટણી પરિણામો પર મંથન કરવામાં આવી રહ્યું છે. બેઠકમાં રાહુલ ગાંધીને સંસદીય દળના નેતા અને વિપક્ષના નેતા તરીકે પસંદ કરવામાં આવી શકે છે.

દિલ્હીમાં CWCની બેઠક પહેલા કોંગ્રેસ સાંસદોએ રાહુલ ગાંધીને વિપક્ષના નેતા બનાવવાની માગણી કરી છે. કોંગ્રેસ નેતા જગદીશ શર્માએ કહ્યું, 'હું અને કોંગ્રેસના તમામ નેતાઓની માગ છે કે રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા બનાવવામાં આવે.

સાંજે ૫.૩૦ કલાકે સંસદના સેન્ટ્રલ હોલમાં કોંગ્રેસના લોકસભા અને રાજ્યસભાના સાંસદોની બેઠક મળશે. ખડગે પાર્ટીના નેતાઓ માટે અશોક હોટલમાં ડિનર પણ યોજશે.

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ આજે ચોથો દિવસ (શનિવાર, ૮ જૂન) છે. આવતીકાલે એટલે કે ૯મી જૂને નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. તેમજ, I.N.D.I.A. ગઠબંધનમાં પણ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.આ સાથે જ સમાજવાદી પાર્ટીની બેઠક પણ યોજાવાની છે. જેમાં પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ પોતાના નવા સાંસદોને મળશે.

# ચૂંટણીમાં પરિણામો ઉંધા પડતા રણનીતિકાર પ્રશાંત કિશોરે પોતાની ભૂલ બદલ માફી માંગી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીના પરિણામે અનેક રાજકીય પંડિતોના ગણિતો ઉંધા પાડી દીધા છે. ચૂંટણીના પરિણામોના નિષ્ણાંત ગણતરીકાર મનાતા પ્રશાંત કિશોર પણ તેમાં આવી જાય છે. હવે આ પરિણામ બાદ તેમણે કહ્યું છે કે બેઠકોનું અનુમાન લગાવવામાં તેમનાથી મોટી ભુલ થઇ છે. આંકડાની ભવિષ્યવાણીમાં ખામી રહી ગઇ છે. તે ભુલ બદલ તેઓ માફી માટે તૈયાર છે.



પટના લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ તેમણે સ્વીકાર કર્યુ હતું કે તેમના પુર્વાનુમાન સાચા પડયા નથી. હવે તેઓ ચૂંટણીમાં બેઠકોનું પુર્વાનુમાન લગાવવાની કોઇ ભવિષ્યવાણી નહીં કરે. ચૂંટણી રણનીતિકારે કહ્યું હતું કે, તેઓ બેઠકોના અંદાજ લગાવવામાં થાપ ખાઇ ગયા છે અને આ વાતનો સ્વીકાર પણ કરે છે.ઉલ્લેખનીય છે કે, પ્રશાંત કિશોરને પ્રતિષ્ઠિત ચૂંટણી રણનીતિકાર તરીકે ગણવામાં આવે છે. પરંતુ આ વખતે તેમની વાતો ખોટી સાબિત થઇ છે. તેમણે એવી આગાહી કરી હતી કે ભાજપ અગાઉથી પણ સારો દેખાવ કરશે.ભાજપ સામે એન્ટી ઇનકંબેંસી હોવા છતાં હોવા છતાં ૨૦૨૪ની ચૂંટણીમાં સારૂ પ્રદર્શન કરી ૩૦૦થી વધુ બેઠક મળશે. પરંતુ આ ચૂંટણીમાં ભાજપને માત્ર ૨૪૦ બેઠક મળી હતી અને એનડીએ ૨૯૩ પર અટકી ગઇ છે.

# વિપક્ષોએ નીતિશકુમારને વડાપ્રધાન પદની ઓફર કર્યાનો આક્ષેપ!

## જેડીયુના નેતા કે.સી. ત્યાગીના નિવેદનથી રાજકીય ખળભળાટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જે નેતાઓએ નીતીશકુમારને આઈએનડીઆઈ (ઈન્ડિયા) ગઠબંધનના રાષ્ટ્રીય સંયોજક બનાવવાનો ઈન્કાર કરી દીધો હતો, તેઓ નીતીશકુમારને વડાપ્રધાન બનાવવાનો પ્રસ્તાવ આપી રહ્યા હતા પરંતુ નીતીશકુમારે તેને ફગાવી દીધો હતો. હાલ કેન્દ્રમાં એનડીએની ગઠબંધન સરકાર બનવા જઈ રહી છે ત્યારે જેડીયુના નેતા કે.સી.ત્યાગીના આ નિવેદનથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.



એક ઈન્ટરવ્યુમાં કે.સી.ત્યાગીએ જણાવ્યું હતું કે ચુંટણી પરિણામે બહાર આવ્યા બાદ ઈન્ડીયા ગઠબંધનના નેતાઓએ નિતીશકુમારને વડાપ્રધાન પદની ઓફર કરી હતી પણ નીતીશે તેને ઠુકરાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણીમાં બહુમતના આંકડાને સ્પર્શવામાં ભાજપ અસફળ રહ્યું હતું. જો કે એનડીએ સરકાર બનાવવા માટે જેડીયુ અને ટીડીપીએ ભાજપનું સમર્થન કર્યું છે.

કે.સી.ત્યાગીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ દ્વારા નીતીશકુમાર સાથે કરવામાં આવેલ દુર્વ્યવહારના કારણે તેમણે વિપક્ષો સાથે સંબંધ તોડી નાખ્યો હતો, જયારે જેડીયુને ભાજપ સન્માન આપી રહી છે.

ઉલ્લેખનીય છે કે ,જેડીયુએ દેશના બે મોટા વિષયો પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ છે. તે સેનામાં ભરતી માટેની અગ્નિવીર યોજનાની સમીક્ષા અને સમાન નાગરિક સંહિતા પર બધા રાજયો સાથે વાતચીતના પક્ષમાં છે. જદયુની આશ, રાષ્ટ્રીય સ્તરે જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની પણ છે. ત્યાગીએ જણાવ્યું હતું કે અગ્નિવીર યોજનાનો ઘણો વિરોધ થયો હતો. લોકસભા ચુંટણીમાં પણ તેની અસર જોવા મળી હતી એટલે તેના પર ફરીથી વિચાર કરવાની જરૂર છે.

# કાલે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાક વચ્ચે મહા મુકાબલો

## અમેરિકાએ પાકિસ્તાનને હરાવતા દબાણમાં: રવિવારે ન્યૂયોર્કમાં વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટી-૨૦ વર્લ્ડ કપમાં આવતીકાલ રવિવારે સૌથી મોટો મુકાબલો છે. તા. ૯ના ભારતીય સમય પ્રમાણે સાંજે ન્યુયોર્કમાં બંને ટીમ વર્લ્ડ કપમાં આઠમી વખત ટકરાશે. અત્યાર સુધીના ૭ મુકાબલામાં ૬ વખત ભારત અને એક વખત પાકિસ્તાનનો વિજય થયો છે.



વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે કાયમ જોરદાર મુકાબલા થયા છે. ૨૦૨૨માં રમાયેલો મેચ હાઇ વોલ્ટેજ બની ગયો હતો. હવે પહેલી વખત અમેરિકામાં આ બંને ટીમ વચ્ચે ટકકર થઇ રહી છે. આ મેચ માટે અમેરિકામાં પણ જોરદાર રોમાંચ જોવા મળી રહ્યો છે.

૨૦૧૬માં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે ઇડન ગાર્ડન સામે મેચ રમ્યો હતો. વરસાદ વચ્ચે પાકિસ્તાન ૧૮ ઓવરમાં પાંચ વિકેટે ૧૧૮ રન કરી શકયું હતું. ભારતનો સ્કોર ૨૩ રન પર ૩ વિકેટ હતો. આ બાદ વિરાટ કોહલીએ ૩૭ બોલમાં ૫૫ રન કરીને ભારતને વિજય અપાવ્યો હતો. તો ૨૦૨૧ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે એક માત્ર મેચ ગુમાવ્યો હતો. ભારત માત્ર ૧૫૧ રન બનાવી શક્યો હતું. જે મેચ પાકિસ્તાન જીતી ગયું હતું.

આ સિવાય વર્લ્ડ કપમાં ભારતનું પ્રદર્શન કાયમ શ્રેષ્ઠ જ નોંધાયું છે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪માં ૯ જૂનના રોજ ભારત અને પાકિસ્તાનની ટીમ આમને-સામને હશે. આ મેચને જોવા માટે ચાહકો આતુર છે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ની મેજબાની વેસ્ટઈન્ડિઝ અને અમેરિકા કરી રહ્યું છે.

ભારતીય સમય અનુસાર આ મેચ કાલે સાંજે ૮ કલાકે શરુ થશે. ભારતમાં ક્રિકેટ ચાહકો ટીવી પર સ્પોર્ટસ નેટવર્ક પર વર્લ્ડકપ મેચ લાઈવ જોઈ શકે છે. તેમજ મોબાઈલ અને ટેબલેટના યુઝર ડિઝની હોસ્ટસ્ટાર એપ પર લાઈવ સ્ટ્રીમનો આનંદ લઈ શકે છે.

ભારત અને પાકિસ્તાનના મેચની આખી દુનિયા રાહ જોઈ રહી છે ત્યારે આ મેચ પર સંકટના વાદળો છવાયા છે. મેચને હજુ થોડો સમય બાકી છે, પરંતુ તે પહેલા ખરાબ સમાચાર સામે આવ્યા છે. જે દિવસે મેચ છે, તે દિવસે ન્યૂયોર્કમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એવામાં મેચની જોવાના સપના જોતા ક્રિકેટ રસિયાઓની આશાઓ પર પાણી ફરી શકે છે.

# યુકેથી ૧૦૦ ટન સોના મગાવવા મામલે RBIએ આપી સ્પષ્ટતા, દેશમાં તેનો સંગ્રહ કરવા પર્યાપ્ત ક્ષમતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતે થોડા સમય પહેલાં જ યુકેમાંથી ૧૦૦ ટન સોનુ પરત મગાવ્યુ હતું. જેના પર લોકોએ તર્ક-વિતર્ક લગાવ્યા હતા. પરંતુ આ મામલે સ્પષ્ટતા આપતાં આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, આરબીઆઈ બ્રિટનમાંથી ૧૦૦ ટકન સોનાનો ભંડાર ભારત લાવી છે. કારણકે, દેશમાં તેનો સંગ્રહ કરવા પર્યાપ્ત ભંડાર ક્ષમતા છે. જેઓ અન્ય કોઈ વિતર્ક કાઢશો નહીં.



આરબીઆઈએ ૨૦૨૩-૨૪માં બ્રિટનમાં સંગ્રહિત પોતાનું ૧૦૦ ટન સોનુ ભારતની તિજોરીમાં ટ્રાન્સફર કર્યું છે. જે ૧૯૯૧ બાદ સોનાનુ સૌથી મોટુ ટ્રાન્સફર છે. ૧૯૯૧માં ફોરેક્સ સંકટનો સામનો કરવા ભારતે પોતાના સોનાનો મોટો હિસ્સો ગિરો મૂકવા તિજોરીમાંથી બહાર કાઢ્યું હતું. દાસએ જણાવ્યું કે, આ સોનુ આપણું છે, જે માત્ર વિદેશના ભંડારમાં લાંબા સમયથી સુરક્ષિત રાખવામાં આવ્યું હતું.

સત્તાવાર આંકડાઓ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની કુલ ગોલ્ડ રિઝર્વ ૨૭.૪૬ ટન વધી ૮૨૨ ટન થઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સોનાનો એક મોટો હિસ્સો વિદેશમાં જમા છે. અન્ય દેશોની જેમ ભારતે પણ પોતાનું સોનુ બેન્ક ઓફ ઈંગ્લેન્ડ પાસે જમા કરાવ્યું છે. જો કે, હવે સ્થાનિક સ્તરે લોજિસ્ટિક અર્થાત ભંડારની ક્ષમતા હોવાથી ભારતે તેમાંથી ૧૦૦ ટન સોનુ પરત મંગાવ્યુ હતું. હાલ ભંડારમાં ઉપલબ્ધ ગોલ્ડનુ પ્રમાણ ૪૦૮ ટનથી વધ્યું છે.

આરબીઆઈના વાર્ષિક રિપોર્ટ અનુસાર, ૨૦૨૩-૨૪માં જારી કરવામાં આવેલા ચલણી નોટ્સના બદલે સ્થાનિક સ્તરે ૩૦૮ ટનથી વધુ સોનુ ફાળવ્યું હતું. તે સિવાય ૧૦૦.૨૮ ટકન સોનુ સ્થાનિક બેન્કિંગ વિભાગની સંપત્તિ પેટે જમા કરવામાં આવ્યું હતું. વિદેશણાં ૪૧૩.૭૯ ટન સોનાનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે, વિશ્વમાં જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ દરમિયાન અસ્થિરતા સામે રક્ષણ આપવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીના ૪ મહિનામાં ગોલ્ડ રિઝર્વમાં ૨૪ ટન સોનું ઉમેર્યું છે. સોનાનો આ જથ્થો ૨૦૨૩માં સમગ્ર વર્ષ દરમિયાન ખરીદાયેલા સોના કરતાં લગભગ દોઢ ગણો છે.

# જામનગરના ચેલા પડાણા ગામે ડીગ્રી ના હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ચેલા પડાણા ડીગ્રી ના હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો.જામનગર તાલુકાના ચેલા-પડાણા રોડ ઉપર પતરા કોલોનીમાં ડીગ્રી વગરના ડોક્ટર તબીબી પ્રેક્ટીસ કરીને દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતાં શખસને એસઓજીએ ઝડપી લઈને મેડીકલને લગતી સામગ્રી કબ્જે કરીને ગુનો નોંધ્યો છે.ચેલા-પડાણા હાઈવે રોડ ઉપર, એલસી- ૮ ગેઈટ સામે



આવેલ પતરા કોલોનીમાં ડોક્ટરની ડીગ્રી ન હોવા છતાં એક શખસ ખાનગી પ્રેક્ટીસ કરીને લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતા હોવાની બાતમીના આધારે એસઓજીએ આરોગ્ય અધિકારીને સાથે રાખીને દરોડો પાડ્યો હતો અને ડીગ્રી ન હોવા છતાં તબીબી પ્રેકટીસ કરતા વિવેકાનંદ રાજેન્દ્ર શિકદાર (રે. એલસી-૮ ગેઈટની સામે પતરા કોલોની, મુળ પશ્ચિમ બંગાળ)ને ઝડપી લીધો હતો. તેના કબ્જામાંથી દવાઓ તેમજ તબીબીને લગતા સાધનો મળીને કુલ રૂ.૪૫૫૬ નો મુદામાલ કબ્જે કર્યો હતો અને એસઓજીના વી.બી.જાડેજાએ લાલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવીને સોંપી દીધો હતો

# મોરબીઃનવી બનતી બિલ્ડિંગના પ્રથમ માળની સીડી ઉપરથી ગબડી પડતા દોઢ વર્ષ બાળકીનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં નાની કેનાલ રોડ ઉપર નવી બનતી બિલ્ડિંગમાં મધ્યપ્રદેશના વતની એવા શ્રમિક પરિવારની ૧.૫ વર્ષની બાળકી સોનાક્ષીબેન રાજુભાઇ ટીટીયાભાઇ પારગી રમતા રમતા પ્રથમ માળની સીડી પરથી ગબડીને નીચે પડતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે માસુમ બાળકીને સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ટૂંકી સારવારમાં માસુમ બાળકીનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃત્યુના બનાવ બાબતે સીટી એ ડિવિઝન પોલીસે અ.મોત રજી. કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં જી.જી. હોસ્પિટલનો કર્મચારી અશોક પરમાર રૂ.૨૫ હજારની લાંચનાં છટકામાં એન્ટી કરપ્શન બ્યૂરોની ઝપટે ચડ્યા બાદ ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જી.જી. હોસ્પિટલનો કર્મચારી અશોક પરમાર રૂ. ૨૫ હજારની લાંચનાં છટકામાં એન્ટી કરપ્શન બ્યૂરોની ઝપટે ચડ્યા પછી ફરાર.જામનગરની જીજી હોસ્પિટલમાંથી એક કર્મચારી લાંચ સ્વીકારતા બોટાદ એસીબીના હાથે ઝડપાયો હતો. જેને લઇને ખળભળાટ મચી ગયો છે. જામનગરની જીજી હોસ્પિટલ મેડિકલ બોર્ડમાં ફરજ બજાવતા કર્મચારી એ ૨.૫૦ લાખની લાંચ માંગ્યા બાદ રકઝકના અંતે ૨૫ હજારની લાંચ નક્કી કરાઇ હતી. આ દરમિયાન બોટાદ એ.સી.બી ની ટીમે આજે જામનગરની જીજી હોસ્પીટલના મેડિકલ બોર્ડમાં છટકું ગોઠવ્યું જામનગરની જીજી હોસ્પિટલમાંથી એક કર્મચારી લાંચ સ્વીકારતા બોટાદ એસીબીના હાથે ઝડપાયો હતો. જેને લઇને




ખળભળાટ મચી ગયો છે. જામનગરની જીજી હોસ્પિટલ મેડિકલ બોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીએ ૨.૫૦ લાખની લાંચ માંગ્યા બાદ રકઝકના અંતે ૨૫ હજારની લાંચ નક્કી કરાઇ હતી. આ દરમિયાન બોટાદ એ.સી.બી ની ટીમે આજે જામનગરની જીજી હોસ્પીટલના મેડિકલ બોર્ડમાં છટકું ગોઠવ્યું હતું. જોકે જેમની સામે આક્ષેપ થઇ રહ્યા છે. તે અધિકારી પરિસ્થિતિ પારખી જતા લાંચ પરત આપી નાસી છૂટ્યો હતો. જેની સામે ફરિયાદ નોંધાઈ છે.આ અંગેની વિગત એવી છેકે ફરીયાદીને વર્ષ-૨૦૧૪થી હૃદયરોગની બિમારી થયેલ હોય જેના કારણે ફરીયાદીએ તેમના વિભાગમા વતનથી નજીકના સ્થળે બદલી કરાવવા બાબતે બદલી રીપોર્ટ આપ્યો હતો. બાદમાં ફરીયાદીને તેમના વિભાગે હૃદયરોગની ખરાઇ કરાવવા માટે મેડીકલ બોર્ડ, ગુરૂ ગોવિંદસિંહ જનરલ હોસ્પિટલ, જામનગર ખાતે તપાસણી અર્થે મોકલવામા આવ્યા હતા. જ્યાં આ કામના અશોકભાઇ ધીરૂભાઇ પરમાર, (નોકરી, મેડીકલ બોર્ડ, ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર) એ ફરીયાદી પાસે મેડીકલ તપાસણી બાદ તેમના વિભાગને ખરાઇ પ્રમાણપત્ર મોકલી આપવાના બદલામા રૂા.૨,૫૦,૦૦૦ ની લાંચની માંગી હતી.જેમા રકઝકના અંતે રૂા.૪૫,૦૦૦ લાંચની રકમ આપવાનુ નકિક થયું હતું. જે પૈકી રૂા.૨૦,૦૦૦ની લાંચની રકમ ફરીયાદીએ આક્ષેપીતને આપી દિધેલ અને બાકી રહેતી લાંચની રકમ રૂા.૨૫,૦૦૦ ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. આ વેળાએ ફરીયાદીની ફરીયાદ આધારે લાંચના છટકાનુ આયોજન કરતા લાંચના છટકા દરમ્યાન આ કામના આક્ષેપીતે ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી એ.સી.બી.ની ટ્રેપનો શક જતા આ લાંચની રકમ ફરીયાદીને પરત આપી ગુનાવાળી જગ્યાએથી નાશી જઇ પોતાના રાજય સેવકના હોદ્દાનો દુરઉપયોગ કરી, ગેરવર્તણુક કરી ગુન્હો કર્યા હતો. જેને લાઈને તેમની વિરૂદ્ધ ફરિયાદ દાખલ થતા ચકચાર મચી છે.

# જામનગરમાં ચાલુ ફરજમાં મૃત્યુ પામનાર પોલીસકર્મીના પરિવારને એક કરોડનો ચેક અર્પણ કરાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સિટી બી. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ મયુરસિંહ રણજીતસિંહ જાડેજા ગત જાન્યુઆરી મહિનામાં ફરજ દરમ્યાન અકસ્માતમાં મૃત્યુ પામતાં તેમનાં પરીવાર પર આભ તૂટી પડ્યું હતું. આ સમયે જિલ્લા પોલીસવડા દ્વારા કમભાગી પરીવારને સાંત્વનાની સાથે જ ફેમિલી પેન્શન સહિતનાં તેમનાં આર્થિક હક્ક-હિસ્સા તાત્કાલિક મળે એ માટે પણ પ્રયાસો સાથે માનવતાવાદી અભિગમ અપનાવાયો હતો. જેના પરીણામ સ્વરૂપ એસ.પી. કચેરીનાં કારકુનો દ્વારા મૃતકનાં વારસદારોનાં હિતાર્થે તાકીદ ફેમિલી પેન્શન કેસ તૈયાર કરેલા તથા એસ.પી. પ્રેમસુખ ડેલુ દ્વારા સરકારનાં ધારા ધોરણ મુજબ એ જલ્દી મંજૂર કરાવી આપી મૃતકનાં વારસદાર તેમનાં પત્ની ભાવનાબાને જરૂરી દસ્તાવેજો સુપ્રત કરવામાં આવ્યા હતા આ ઉપરાંત એસ.બી.આઇ. બેંકમાં સેલેરી એકાઉન્ટ ધરાવતા પોલીસ માટે અકસ્માત મૃત્યુના બનાવમાં મૃતકનાં પરીવારને બેંક તરફથી મળવાપાત્ર રૂ.૧ કરોડની સહાયનો ચેક પણ એસ.પી.ની ઉપસ્થિતિમાં મૃતક મયુરસિંહનાં વારસદારોને એનાયત કરવામાં આવ્યો હતો. આ તકે જામનગર એસ.બી.આઇ. બેંકનાં મહાપ્રબંધક ભૂપેન્દ્રભાઇ બી. રામાણી, જી.ઇ.બી.ટી.પી.એસ. સિક્કા શાખાનાં પ્રબંધક મનદિપ સંધુ તથા મેનેજર હિતેશ રાયચુરા ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની કરશન ધાવરી ક્રિકેટ એકેડેમીના સ્ટુડન્ટનું અન્ડર ૧૬ માં ઉત્તમ પ્રદર્શન

**મુખ્ય સમાચાર, મોરબી**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા અન્ડર ૧૬ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોરબીના ધ્યેય ગઢીયાએ સેન્ચ્યુરી લગાડી સારું પર્ફોમન્સ કરતા કરશન ધાવરી ક્રિકેટ એકેડેમી દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન ઓર્ગેનાઇઝ્ડ અન્ડર ૧૬ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મોરબી તથા ગીર સોમનાથ ડિસ્ટ્રિક્ટ વચ્ચેના મેચમાં ધ્યેય ગઢીયાએ શાનદાર પર્ફોર્મન્સ કરી ૧૧૮ રન સેન્ચ્યુરી લગાડી ટીમને મહત્તમ પોઇન્ટ અપાવીને ટીમની પોઝિશનને સુરક્ષિત કરી હતી જેનો લાભ મોરબી ને આગામી મેચ તથા હવે પછીના રાઉન્ડમાં આગળ પહોંચાડવામાં મદદરૂપ થશે.ખૂબ જ સારું પરફોર્મન્સ કરતા ધ્યેય અશોકભાઈ ગઢીયાને કરશન ધાવરી ક્રિકેટ એકેડેમી એસપી રોડ મોરબી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.તેમજ આગામી સમયમાં પણ એવું જ સરસ પરફોર્મન્સ કરતા રહે અને ખૂબ જ ઉચ્ચસ્તર પર ક્રિકેટ રમે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લાના ૧૩ પોલીસ કર્મીચારીને પ્રમોશન અપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત આચારસંહિતા પુર્ણ થતા જ વિવિધ સંવર્ગના ૧૩ પોલીસ કર્મચારીને બઢતીના હુકમ કરવામાં આવ્યા છે.જેમાં હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા પ્રભાતસિંહ ગંભીરસિંહ જાડેજા(પોલીસ હેડ કવાર્ટર), શરદકુમાર દેવજીભાઇ પરમાર (સીટી બી), કમલભાઇ કિશોરભાઇ માધણ( બેડી મરીન), મહાવિરસિંહ રાસુભા જાડેજા( એલઆઇબી), ગિરરીરાજ સિંહ ઇન્દ્રવિજયસિંહ જેઠવા(કાલાવડ ગ્રામ્ય), વનરાજસિંહ બટુકભા ચાવડા(પોલીસ હેડ કવાર્ટર) અને ભગીરથસિંહ વાઘુભા





જાડેજા (પોલીસ હેડ કવાર્ટર)ને એએસઆઇ તરીકે બઢતી આપવામાં આવી છે.જયારે પોલીસ કોન્સટેબલ વસંતભાઇ હરીલાલ કણઝારીયા.નાયબ પોલીસ અધિક્ષક કચેરી-ગ્રામ્ય, હિરેનકુમાર માંડાભાઇ ગાગીયા.સીટી બી.ગોપાલભાઇ રામજીભાઇ ચાવડા(કાલાવડ ગ્રામ્ય. રંજના જીવાભાઇ વાઘ.સાયબર ક્રાઇમ),જયેન્દ્રસિંહ દિલીપસિંહ ચુડાસમા. સીટી એ. અને માલદેવસિંહ ભરતસિંહ ઝાલા.કાલાવડ ગ્રામ્ય.ને હેડ કોન્સટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.આ બઢતીના આદેશના પગલે પોલીસ બેડામાં આનંદની લાગણી છવાઇ છે.

# મોરબીમાં બ્રહ્મસમાજ દ્વારા વિદ્યોતેજક મંડળના વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા તથા પાઠ્યપુસ્તકનું વિતરણ ચાલુ કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બ્રહ્મ સમાજના વિદ્યોતેજક મંડળ દ્વારા વિદ્યોતેજક મંડળના આજીવન સભ્યોના ધોરણ ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો અડધી કિંમત ચૂકવીને તેમજ ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને ૧૨ નંગ ફુલસ્કેપ ચોપડા એકદમ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે પાઠ્ય પુસ્તકો અને ફૂલસ્કેપ ચોપડાનું આગામી ૩૦ તારીખ સુધી વિતરણ કરવામાં આવશે જેનો સર્વે સભ્યોએ નોંધ લેવા મંડળના પ્રમુખની યાદીમાં જણાવાયું છે.

મોરબી સમસ્ત બ્રહ્મ સમાજના વિદ્યોતેજક મંડળના પ્રમુખ ભુપતભાઇ પંડ્યાએ પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર વિદ્યોતેજક મંડળના આજીવન સભ્યોના તમામ વિદ્યાર્થી મિત્રો માટેના નવા પાઠ્યપુસ્તક વિતરણ તેમજ ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ સાંજે છ થી સાત દરમ્યાન મંડળનાં કાર્યાલયથી ચાલુ કરવામાં આવેલ છે. ત્યારે ખાસ નોંધ કરી તમામ આજીવન સભ્યોને જણાવવાનું કે વ્યવસ્થાના ભાગરૂપે હાલ ચાલી રહેલ પાઠ્યપુસ્તક વિતરણ આ મહિનાની ૩૦ તારીખ સુધી જ એટલે કે આગામી ૩૦ જૂન સુધી જ ચાલશે. તો જે સભ્યોને લાભ લેવાનો હોય તે અચૂક ૩૦ તારીખ પહેલા કાર્યાલય આવી કરેલ વ્યવસ્થામાં સહયોગ આપે તેમ મંડળના પ્રમુખની યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના ખાનપરના વતની ક્રિશ ભીમાણી એ NEETમાં જ્વલંત સિદ્ધિ મેળવી પરિવારનું ગૌરવ વધાર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

ધો.૧૨ પછી મેડિકલમાં પ્રવેશ માટે લેવાયેલી નિટ (NEET-નેશનલ એલિજીબિલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)-૨૦૨૪ નું પરિણામ જાહેર થયું છે. જેમાં મોરબી તાલુકાના ખાનપર ગામના વતની ક્રિશ કલ્પેશભાઇ ભીમાણી એ ઝળહળતી સફળતા હાંસલ કરી છે. ક્રિશે ૭૨૦ માંથી ૫૮૦ સ્કોર પ્રાપ્ત કરી ભીમાણી પરિવાર તેમજ મોરબી જિલ્લાનું નામ રોશન કર્યું છે.

સખત મહેનતથી નીટમાં સફળતા મેળવનાર ક્રિશ ભીમણી એ જણાવ્યું હતું કે, ૧૨માં ધોરણીની સાથે સાથે ઓફલાઇન



અને ઓનલાઇન અભ્યાસ કરી NEETની તૈયારી કરી હતી. મારા માતા સોનલબેન અને પિતા કલ્પેશભાઈ તેમજ પરિવારના સાથ સહકાર થી તેમજ વડીલોની પ્રેરણાથી મેં નાનપણથી જ મેડિકલ લાઇન લઈને ડોક્ટર બની લોકોની સેવા કરવાનું સપનુ સેવ્યું હતું.

ક્રિશે વધુમાં જણાવે છે કે, નીટના જાહેર થયેલાં પરિણામમાં સારા માર્ક્સ આવતા હુ અતિ આનંદની લાગણી અનુભવું છું. પરિવારના પ્રોત્સાહન અને રાતદિવસ તૈયારી માટેના સહકારના કારણે MBBSમાં પ્રવેશ લઇ તબીબ બનવાનું સ્વપન હવે હું પૂર્ણ કરી શકીશ. ક્રિશના પિતા કલ્પેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ક્રિશ નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી છે. દિકરાને ઉચ્ચ અભ્યાસ કરાવી ડોક્ટર બનાવવાનું અમારૂ સ્વપન હવે પૂર્ણ થશે. ક્રિશ ને દાદી અને દાદા અશોકભાઈ તેમજ પરિવારજનો એ જીવનમાં ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેક્ષાઓ આપી છે.

# મોરબીના ધુળકોટ ગામે ખેતરમાં માટીનો ઢગલો કરી માર્ગ બંધ કરવા બાબતે બે પરીવાર બાખડ્યા, સામસામી ફરિયાદ નોંધાઈ

## તાલુકા પોલીસે એક મહિલા સહીત ચાર સામે ફરિયાદ નોંધી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ધુળકોટ ગામે ખેતરનું ધોવાણ ન થાય તે માટે માટીનો ઢગલો કર્યો હોય જે બાજુમાં ખેતરમાં જવા માટેના વર્ષો જુના માર્ગને અવરોધ ઉભો થાય હોય જે બાબતે બે પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલી બાદ લાકડીઓ વડે હુમલો કરાયો હતો. બનાવમાં બંને પરીવારના છ સભ્યો નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. ત્યારે બંને પક્ષો દ્વારા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે બંને પરિવારના સભ્યો સામે માર મારવાની તથા એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મોરબી તાલુકાના ધુળકોટ ગામે રહેતા રાકેશભાઇ મનસુખભાઇ ચોટલીયા ઉવ.૩૫ એ તાલુકા પોલીસ મથકમાં આરોપી દીનેશભાઇ મનજીભાઇ વાઘેલા, નટુભાઇ મનજીભાઇ વાઘેલા તથા મુળીબેન મનજીભાઇ વાઘેલા રહે બધા ધુળકોટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી રાકેશભાઈએ ભાગવુ રાખેલ ખેતરમાં માટીનો ઢગલો કરેલ હોઇ જે પમાટીનો ઢગલો કેમ કરેલ છેથ તેમ કહી તે બાબતનો ખાર રાખી આરોપી દિનેશભાઇ અને આરોપી નટુભાઈએ રાકેશભાઈ તથા તેના દાદાજી રવજીભાઇ જીવાભાઇ ચોટલીયાને લાકડી વડે મારમારી રવજીભાઇના હાથમાં ફ્રેક્ચર જેવી ઇજા કરી ગાળો આપી તેમજ આરોપી મૂળીબેને રાકેશભાઈના કાકી હંસાબેનને ઢીકાપાટુ મારી ગાળો આપી ગુનામાં એકબીજાની મદદગારી કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

જયારે સામાપક્ષે મોરબી તાલુકા ધુળકોટ ગામે રહેતા મૂળીબેન મનજીભાઇ વાઘેલાએ આરોપી તરીકે રાકેશભાઈ મનસુખભાઇ ચોટલીયા સામે ફરિયાદ નોંધાવી કે મૂળીબેન વાઘેલાએ આરોપી રાકેશભાઈને કહ્યું કે પઅમારા ખેતરમાં જવાનો રસ્તો કેમ બંધ કરેલ છેથ તેમ કહેતા આઇઓપી રાકેશભાઈએ આ બાબતનો ખાર રાખી મૂળીબેન સાથે બોલાચાલી કરી જાહેરમાં જ્ઞાતી પ્રત્યે અપશબ્દો બોલી અપમાનીત કરી ભુંડી ગાળો આપી લાકડી વડે માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે આઇઓપી રાકેશભાઈ સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નવનિયુક્ત ન્યાયધિશનો વકીલ મંડળ દ્વારા સત્કાર સમારંભ યોજાયોઃ અગ્રણીઓની હાજરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા વકીલ મંડળના વકીલો દ્વારા નવા નિમાયેલા એડિશનલ ડીસ્ટ્રીક જજ પંડ્યા સાહેબ,સિનિયર સિવિલ જજ ઇજનેર તથા ડીએલએસએ પારેખનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.




મોરબી જિલ્લા વકીલ મંડળના પ્રમુખ દિલીપભાઈ અગેચાણીયા દ્વારા નવા નિમાયેલા એડિશનલ ડીસ્ટ્રીકટ જજ પંડ્યા સાહેબ, સિનિયર સિવિલ જજ ઇજનેર તથા ડીએલએસએ પારેખનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.જેમાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રિક જજ દેવધરા સાહેબ તમામ ન્યાયધિસો તથા બાર એસોસિએશન સેક્રેટરી વિજય સેરશીયા, ઉપપ્રમુખ ટી બી દોશી, જોઇન્ટ સેક્રેટરી ઉદયસિંહ જાડેજા, કારોબારી સભ્ય કરમશી પરમાર, બ્રીજરાજસિંહ જાડેજા તેમજ સાગર પટેલ તથા મોટી સંખ્યામાં સિનિયર તથા જુનિયર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવ નિયુક્ત જજ સાહેબોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમજ કાર્યક્રમને અંતે બાર એસોસીએશનના પ્રમુખ દિલીપ અગેચાણીયા એ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

# મોરબીના યુવા પત્રકાર યોગેશ રંગપડીયાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબીઃ સતત-અવિરત સક્રિય રહી મોરબી જિલ્લાના ખૂણે ખૂણે બનતી ઘટનાઓ લોકો સુધી પહોંચાડતા, ખૂબીઓ લોકો સુધી પહોંચાડી પ્રેરણાત્મક બાબતોને ઉજાગર કરતા અને તંત્રની ખામીઓ સરકાર સુધી પહોંચાડી તંત્રની ખામીઓ દૂર કરી પ્રજાના પ્રાણ પ્રશ્નો હલ કરવા માટે અહર્નિશ સેવારત ચક્રવાત ન્યુઝ અને ગુજરાત મિરર ન્યુઝ તથા બુલેટિન ન્યુઝ ઈન્ડિયાના જાગૃત અને નીડર પત્રકાર યોગેશભાઈ રંગપડીયાનો આજે જન્મદિવસ છે ત્યારે તેમના સગા, સંબંધીઓ, સ્નેહીઓ, મિત્ર વર્તુળ વગેરે તરફથી ફોન કરી તથા રૂબરૂ મળિ શુભેચ્છાઓ પાઠવવામા આવી રહી છે અને પરમકૃપાળુ પરમ પ્રેરક પરમાત્માને પ્રાર્થના કરી રહ્યા છે કે પરમાત્મા યોગેશભાઈને તનની તાજગી અર્પે,મનની મસ્તી અર્પે,દિલની દાનવીરતા અર્પે, દ્રષ્ટિની દીર્ઘતા અર્પે,આત્માની ઓજસ્વીતા અર્પે અને એમના વ્યકિતત્વને દેદીપ્યમાન બનાવે અને ભવિષ્યમાં પત્રકાર તરીકેની એમની કારકિર્દીમાં ઉચ્ચ સિદ્ધિઓના સોપાનો સર કરે એવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# જામનગર એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં દેહદાન માટે આવેલા ૨૯ મૃતકોના અંગોના અંતિમ સંસ્કાર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં દેહદાન માટે આવેલા ૨૯ મૃતકોના અંગોના અંતિમ સંસ્કાર કરાયા.જામનગરની એમપી શાહ મેડિકલ કોલેજમાં છેલ્લા અઢી વર્ષના સમયગાળા દરમિયાન દેહદાન કરવામાં આવેલા ૨૯ મૃતકોના અંગોના આજે જામનગરના આદર્શ સ્મશાનમાં શાસ્ત્રોત વિધિ સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતા.જામનગરની એમપી શાહ મેડિકલ કોલેજ, જામનગરની આર્ય સમાજ સંસ્થા, સમાજ સેવક મહાવીર દળ અને સ્મશાન વ્યવસ્થા સમિતિના સંયુક્ત ઉપક્રમે સામુહિક અગ્નિસંસ્કારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જામનગરની એમ.પી. શાહ મેડિકલ





કોલેજમાં છેલ્લા અઢી વર્ષના સમયગાળા દરમિયાન સમગ્ર જામનગર જિલ્લામાંથી કુલ ૨૯ જેટલા મૃતદેહોનું દેહદાન કરવામાં આવ્યું હતું. આ તમામ મૃતદેહને જામનગરના એમ.પી. શાહ મેડિકલ કોલેજના એનોટોમી વિભાગમાં રાખવામાં આવ્યા હતા. મેડિકલ કોલેજના તબીબી અભ્યાસ માટે આ તમામ અવયવોનો ઉપયોગ કરાયો હતો. ત્યારબાદ આજે સવારે એમ.પી.શાહ મેડિકલ કોલેજ અને અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગથી દાનમાં આવેલા શરીરના અંગોના અંતિમ સંસ્કાર યોજવાની કાર્યવાહી રાખવામાં આવી હતી આદર્શ સ્મશાનમાં અગ્નિ સંસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એમ.પી. શાહ મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈ, એનોટોમી વિભાગના ડો. મિતેષ પટેલ, તથા અન્ય તબીબી સ્ટાફ હાજર રહ્યો હતો. તેમજ જામનગરની આર્યસમાજ સંસ્થાના ટ્રસ્ટી ઉપરાંત આદર્શ સ્મશાન વ્યવસ્થા સમિતિ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતા.

# ટંકારા તાલુકામાં ભાજપના સારા દેખાવથી વિરોધ પક્ષ મુંઝવણમાં મુકાયો

## નગરપાલિકાની જાહેરાત બાદ આઝાદી પછીનો ભુતકાળ બદલી નવો રેકોર્ડ સર્જતી આર્ય નગરી ટંકારા

**મુખ્ય સમાચાર, ટંકારા**

૨૮ વર્ષ સુધી ટંકારા રાજકારણમાં સક્રિય મોહન કુડારીયા કાયમ ટંકારા ને માઈનસમાં માપી રહા એજ ટંકારા માં ધારાસભ્ય દુલભજી દેથરીયાની સાદગી અને કામકાજ પ્રત્યેની ચિવટ સ્થાનિક અગ્રણી તાલુકા ભાજપ સંગઠન અને કાર્યકરોની મહેનત રંગ લાવી ટંકારા કોગ્રેસના ગઢમાં ગાબડા પાડવામાં સફળતા મળી છે.

ટંકારા તાલુકો સહકારી અગ્રણી વલ્લભભાઈ પટેલ ત્યારબાદ દિગ્ગજ




કોગ્રેસ નેતા વાધજી બોડાના નેઝા હેઠળ કાયમી કોગ્રેસ નો દબદબો જાળવી રાખ્યો હતો પરંતુ બોડાના અવશાન બાદ કોગ્રેસ પોતાના સ્યોર અને પ્યોર નેતાને સાચવી ન શકતા સ્થાનિક નબળી નેતાગીરી અને સંગઠન અભાવે ભાજપે આ વખતે મજબૂત પકડ જમાવી ભારે મોટી સરસાઇ મેળવી છે. એક લઠા ગામોમાં ગાબડા પાડી કમળ ખીલ્યું હોય આ અંગે આલા કમાન્ડના નેતા સુધી વાત પહોંચી છે. સૌથી વધુ કોગ્રેસના તાલુકા પંચાયત ટંકારા ૨ ના લોક લાડીલા ચેતન ત્રિવેદી એની બેઠક માથી કોગ્રેસ ને લિડ લાવી બતાવી છે જેને બાદ કરતા કોઇ સારો દેખાવ કરી શક્યા નથી.

બીજી તરફ ટંકારા પાટીદાર અગ્રણી કેશુભાઈ પાચોટિયા ઈશ્વરભાઈ ઘેટીયા જીતુભાઈ ખોખાણી રમેશ કુમાર કૈલા સહિતના સમાજના નેતાઓ પહેલી વાર જીતની પાઘડી પહેરે એ સ્થિતિમા રહા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટંકારા નગરપાલિકા ની જાહેરાત બાદ વિકાસ માટે આશા સેવતા નગરજનોની હવે સગવડમાં વધારો થાય તાત્કાલિક બાકી રહેતા કામો પુર્ણ કરે એ માંગણી ઉઠવા પામી છે.

# જામકંડોરણા કોંગ્રેસના આગેવાનોએ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને મળી તાલુકાના પ્રશ્નો અંગે રજૂઆત કરી





૧૫ દિવસ પહેલા રાજકોટમાં બનેલ અગ્નિકાંડના પીડીતોને ન્યાય મળે તે બાબતે ગઈકાલથી ત્રિકોણબાગ ખાતે શહેર અને જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ સાથે ઉપવાસમાં બેઠેલા કોંગ્રેસના યુવા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને આજે સવારે જામકંડોરણા તાલુકાના કોંગ્રેસના આગેવાનોએ રૂબરૂ મળી પોતાના તાલુકાના પ્રશ્નો અંગે વાકેફ કર્યા હતા. વધુમાં આ આગેવાનોએ અગ્નિકાંડના પીડીતોને ન્યાય મળે તે માટે પૂરતો સહકાર આપવાનો ખાતરી ઉચ્ચારી હતી.

# સર્વેશ્વર ચોકમાં સ્લેબ તૂટી પડતાં મૃત્યુ પામેલ મહિલાને ક્યારે ન્યાય મળશે?: મૃતકના પતિએ ઠાલવી હૈયાવરાળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગત તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ના શહેરના સર્વેશ્વર ચોકમાં આવેલ આરએમસીની માલીકીની જમીન પર બનેલા કોમ્પ્લેક્સનો સ્લેબ તુટી જતા ૩૫ લોકોને ઈજા પહોંચી હતી. જેમાં રાજકોટના રહેવાસી ભાવનાબેન અશ્વીનભાઈ ઠક્કર (ઉ.વ.૬૧) મૃત્યુ પામ્યા હતા. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેઓનું મૃત્યુ વોકળાના ગંદા પાણીમાં ડુબી જવાને કારણે થયું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પોલીસ તંત્ર દ્વારા એફઆઈઆર નોંધવામાં આવી હતી. તેમજ આરએમસી કર્મચારીએ પણ નોંધ દાખલ કરી જણાવ્યું હતું કે,



આરએમસીની જમીન પર કોઈએ ગેરકાયદેસ બાંધકામ કરેલ છે. પરંતુ હજુ સુધી આ વાતને નવ માસ જેટલો સમય વિત્યો છતા મૃતકના પરિવારને ન્યાય મળ્યો નથી. આ અંગે મૃતકના પતિ અશ્વીનભાઈ ઠક્કરએ હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું હતુ કે, હજુ સુધી સરકારી તંત્ર દ્વારા તેમની પત્નીના મોત અંગે કોઈ જવાબ મળેલ નથી.

તેઓએ જણાવ્યું હતુ કે, તંત્ર દ્વારા ફક્ત તપાસનું નાટક કરી જણાવાય છે કે, આ અંગેની તપાસ ચાલુ છે. પરંતુ પૂર્ણ ક્યારે થશે તે ખબર નથી. તેઓએ એ વાતનું દુઃખ વ્યક્ત કર્યું કે, તાજેતરમાં ગેમઝોનમાં બનેલ અગ્નિકાંડમાં તંત્ર દ્વારા ફટાફટ કામગીરી કરાઈ છે. વધુમાં મૃત્યુ અંગે પોલીસના અલગ ધારાધોરણ હોઈ શકે ? તેઓ સવાલ તેઓએ પૂછ્યો હતો. સબ સુરક્ષિત હોવાનો ગાઈ વગાડીને પ્રચાર કરતા તંત્ર પાસે સ્લેબ તુટી જવા અંગે કોઈ જવાબ નથી. એ વાતનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો કે હાલમાં એ વાત ધ્યાન પર આવી છે કે, કોઈ પણ મંજૂરી વગર સર્વેશ્વરચોકમાં પતરાની આડમાં ફરી સ્લેબ બંધાઈ રહ્યો છે. ત્યારે સત્તાવાળાઓ આ અંગે તપાસ કરશે?

# ગેમઝોનની ગોઝારી ઘટનામાં પુત્ર ગુમાવનાર પિતાનું સારવારમાં મોતઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૫ મેના રોજ રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ થતાં ૨૭ લોકો ભસ્મ થઈ ગયા હતા. જેમાં એક ૨૪ વર્ષિય યુવક વિશ્વરાજસિંહ જશુભા જાડેજાનું ગેમ ઝોનમાં નોકરી મળ્યાના પ્રથમ દિવસે જ મોત મળ્યું હતું. ત્યારે હવે વિશ્વરાજસિંહના પરિવારમાં ૧૨ દિવસમાં બીજો મોટો આઘાત થયો છે. વિશ્વરાજના પિતા દીકરાનું મૃત્યુ થતાં સતત દીકરાના નામનું રટણ કરતા હતા. તેથી તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન વિશ્વરાજના પિતાનું પણ મૃત્યુ નિપજ્યું છે.




ટીઆરપી અગ્નિકાંડમાં યુવાન દીકરાનું મોત નિપજતા આઘાતમાં રહેલા પિતાનું આજે ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. વિશ્વરાજસિંહના પિતા જશુભા હેમુભા જાડેજા છેલ્લા એક સપ્તાહથી દીકરાના આઘાતમાં રહેતા હતા. સતત દીકરાના નામનું રટણ કરતા હતા. આ દરમિયાન ગઈકાલે રાત્રીના તેમની તબિયત લથડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે વહેલી સવારે ૫.૩૦ વાગ્યે હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દેતા મોત નીપજ્યું હતું.

જશુભા હેમુભા જાડેજાનું મૃત્યુ નિપજતાં પરિવાર પર આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાય હતી. કારણ કે માત્ર ૧૨ દિવસમાં બે-બે સભ્યોના મોત નિપજ્યા છે જેમાં પુત્રના વિયોગમાં પિતાનું મોત થતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. ઉલ્લેખનીય છે કે ૨૪ વર્ષીય વિશ્વરાજસિંહ જાડેજા ટીઆરપી ગેમઝોનમાં નોકરીમાં રહ્યા હતા અને દુર્ઘટના બની એ દિવસે તેમની નોકરી પર ફરજનો પ્રથમ દિવસ હતો અને અગ્નિકાંડ સર્જાતા તેમનું આગ લાગતા મોત નીપજ્યું હતું.

# સમસ્ત મહાજનના ગરિશિ શાહના સંકલન થકી ગીરગંગા પરીવાર ટ્રસ્ટને ૮૦ લાખનું બ્રેકર સાથે હીટાચી મશીન અર્પણ કરાશે

## ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ જીલ્લામાં ત્રણ હજારથી વધુ તુટેલા ચેકડેમોના સર્વે તેમજ ૧૮૦ થી વધુ ચેકડેમોનું કામ પૂર્ણ કરેલ છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર અને જન જનની સુખાકારી માટે કાર્ય કરતી સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને એનીમલ વેલફેર બોર્ડના ઓફ ઈન્ડિયાના સભ્ય ડો. ગીરીશ શાહના સંકલન થકી ગીરગંગા પરિવાર ટ્રસ્ટને બ્રેકર સાથે ૮૦ લાખનું હિટાચી મશીન તા.૧૦, જુન, સોમવારે સાંજે ૦૬-કલાકે, સીઝન્સ હોટલ, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે અર્પણ કરાશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઉપરોકત કાર્યક્રમમાં પ.પૂ પરમાત્માનંદજી સરસ્વતીજી (આંતરરાષ્ટ્રીય કન્વીનર કુમાર હિન્દુ ધર્માચાર્ય મહાસભા) આર્શીવચન પાઠવશે તથા પરશોતમભાઈ રૂપાલા (સાંસદશ્રી), રામભાઈ મોકરીયા (સાંસદશ્રી), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય), પૂર્વે કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા ખાસ ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા વર્ષો જુના ચેકડેમો જર્જરીત હાલતમાં, તુટેલા છે તે રીપેર, ઉડા, ઉંચા કરી તેનો જીર્ણોધ્ધાર કરવામાં આવે છે અને જરૂરીયાત પ્રમાણે નવા પણ બનાવવામાં આવે છે તેમજ માટીના કાપથી ભરાઈ ગયેલ હાલતમાં હોય અને ફળદ્રુપ માટી ચેકડેમમાંથી ઉપાડી જમીનના તળ ખુલ્લા કરવામાં આવે છે અને ડેમમાં પાણી ક્ષમતા વધારવામાં આવે છે અને ખેડૂતો ડેમમાંથી નીકળેલી ફળદ્રુપ માટી ઉપાડીને ખેતરમાં નાખવાથી પાક ઉત્પાદનમાં પુષ્કળ વધારો થાય છે. અત્યારના સમયમાં ફકત રાજકોટ તેમજ સૌરાષ્ટ્રમાં ઘણા ચેકડેમો જર્જરીત અને તુટેલી હાલતમાં છે તેમજ ઘણા ડેમોમાં માટીથી ભરાઈ ગયેલ અને ખૂબ જ છીછરા થઈ ગયેલ હાલતમાં છે. જે ચેકડેમોને દાતાઓના સહયોગથી સંસ્થા દ્વારા રીપેર કરવામાં આવે છે. તેમજ અત્યાર સુધીમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમોનું કામ સંપૂર્ણપણે પૂર્ણ કરેલ છે જેમાંથી અમુક ડેમો રીપેર કરવા, ઉંચા કરવા અને ઉંડા કરવામાં આવે છે અને જેમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના માતૃશ્રીના નામનું ''હિરાબા સરોવર'' તથા કાલાવડ રોડ પર તેમજ રાજકોટ શહેરમાં રૈયા રોડ થી નાનામવા વિસ્તારમાં અત્યારસુધીમાં સાત થી વધુ વિશાળ ચેકડેમો બનાવવામાં આવેલ છે. આ રીતે રાજકોટ શહેરમાં વરસાદી પાણી બચાવવામાં માટે કૂવા, બોર રીચાર્જ કરવા જોઈએ છે અને આવા ખુલ્લી જગ્યામાં ૧૨૫ થી વધુ ચેકડેમો બને તો પાણી પ્રશ્ન સરળ બને

આગામી સમયમાં ગીરગંગા પરીવાર ટ્રસ્ટનો સૌરાષ્ટ્રનાં ૧૧,૧૧૧ ચેક ડેમો સંપૂર્ણ લોકભાગીદારીથી તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. હાલના સમયમાં બેંગ્લોર જેવી પરિસ્થિતિ ઉભી ન થાય અને લોકો વરસાદી શુધ્ધ પાણીનું મહત્વ સમજી અને પોતાના જન્મદિવસે, લગ્નદિવસે કે પરીવારના કોઈ સભ્યની પુણ્યતિથી તેમજ પોતાના ઘરે આવતા દરેક પ્રસંગો કાયમી યાદગાર બનાવવામાં માટે પોતાના વતનમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ચેકડેમ બનાવીને સૃષ્ટિ પરના સર્વે જીવોની રક્ષા કરી શકે છે. તેમજ ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા ગુજરાતનો એક તાલુકો એટલે કે ગુજરાતનું ભાવનગર જીલ્લાનું પાલીતાણા તાલુકાનાં તમામ ગામડાઓમાં વરસાદી પાણી સંગ્રહ કરવા માટે ચેકડેમો તૈયાર કરશે જેનાથી ત્યાંની ધરતી પ્રકૃતિ દ્વારા હરીયાળી બનશે અને સમગ્ર જીવજંતુઓને તેમજ માનવજાતને ખૂબ મોટો ફાયદો થશે તેમજ સમસ્થ મહાજન સમાજ દ્વારા ગાંડા બાવળ મુકત બનાવી, ગૌચર ચોખ્ખું કરી વૃક્ષારોપણ થશે અને ૧ લાખથી વધુ પશુધનને ચારો મળશે.

વર્ષો પહેલા નદી અને તળાવોમાં પાણી હોવાથી ત્યાં આજુબાજુમાં વૃક્ષોથી ભરપૂર પ્રકૃતિ ખીલી ઉઠતી હતી તેથી દરેક પશુ-પક્ષીઓને પીવાના પાણી અને ખોરાક સાથે રહેણાંક મળી રહેતુ હતું. અત્યારના સમયમાં પાણી બોર અને બોટલમાં હોવાથી સંપૂર્ણ પ્રકૃતિનો નાશ થઈ રહયો છે તેનાથી સૃષ્ટિ પરના અનેક જીવોનો પાણીના અભાવે નાશ થઈ રહયો છે અને સર્વે જીવો સાથે માનવ પણ રોગીષ્ટ બનતો ગયો છે. ગીરગંગા પરીવાર ટ્રસ્ટના સહયોગી પ્રતાપભાઈ પટેલ, ભીખુભાઈ વીરાણી, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, હરીશભાઈ લાખાણી, અમુભાઈ ભારદીયા, ભરતભાઈ પરસાણા, જયંતીભાઈ સરધારા, ભરતભાઈ ગાજીપરા, બીપીનભાઈ હદવાણી, શંભુભાઈ પરસાણા, કાર્તિકભાઈ પરસાણા, સતીષભાઈ બેરા, કિશોરભાઈ કાથરોટીયા, દિલીપભાઈ લાડાણી, ઉમેશભાઈ માલાણી, પ્રકાશભાઈ કનેરીયા, ચંદુકાંતભાઈ ડઢાણીયા, અરવિંદભાઈ, ભરતભાઈ શાહ (મુંબઈ), દુર્ગેશભાઈ શાહ (મુંબઈ) રમેશભાઈ ઠકકર, ભરતભાઈ ટીલવા, ગોપાલભાઈ બાલધા, વસંતભાઈ લીંબાસીયા, ભરતભાઈ ભુવા, હરીભાઈ ચૌહાણ, અરવીંદભાઈ પાણ, રાજુભાઈ મહેતા તેમજ નાનામોટા પ્રકૃતિ પ્રેમી દાતાઓનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.જીવદયા પ્રેમી વિજયભાઈ ડોબરીયા, મિતલ ખેતાણી, ધિરેન્દ્ર કાનાબાર સહિતનાઓની ટીમ પણ સતત સહયોગ આપી રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખશ્રી દિલીપભાઈ સખીયા તથા પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, રમેશભાઈ જેતાણી, મનીષભાઈ માયાણી, ભુતપભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ બાલધા, અશોકભાઈ મોલીયા, લક્ષ્મણભાઈ શીંગાળા, ભરતભાઈ પીપળીયા, માધુભાઈ પાંભર, મહેન્દ્રભાઈ કાલરીયા, રતીભાઈ ઠુંમર વિગેરે ની ટીમ સુંદર સંચાલન કરી રહી છે.

આ અંગેની વિશેષ માહિતી માટે ગીરગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા મો. (૯૪૨૭૨ ૦૭૮૬૮) તથા દિનેશભાઈ પટેલ (મો.૯૮૨૪૨ ૩૮૭૮૫) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# પોલીસ મથકમાં શખ્સે ધમાલ મચાવી પીઆઈની ચેમ્બરના કાચ તોડી નાંખ્યા

## શખ્સને ઈજા થતા સારવારમાં ખસેડાયોઃ પોલીસે ફરિયાદ નોંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોલીસ મથકમાં પડયા પાથર્યા રહેતા શખસો અનેક વાર પોલીસના નામે રોભ જમાવતા હોવાની અવાર-નવાર ફરીયાદો ઉઠી હતી જેમા વધુ એક બનાવ બન્યો છે. જેમા યુનીવર્સિટી પોલીસમાં હોમગાર્ડએ જમવા લઈ આવવાની ના પાડતા પાલીસ મથકમાં પડયા પાથર્યા રહેતા શખસે ધમાલ મચાવી પોલીસ ઈન્સપેકટની ચેમ્બરના કાચમાં માથા અથડાવી કાચ ફોડી નાખતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડી તેની સામે ગુનો નોધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ યુનીવર્સિટી પોલીસ મથકના એ.એસ.આઈ. ફતેસિંહ સોલંકીએ ફરીયાદ કરી હતી જેમા તે પોલીસ મથકે નોકરી પર હતા ત્યારે જનકપુરી આર.એમ.સી.કવાટરમાં રહેતો મનીષ ગોવિંદભાઈ સોલંકી જેપોલીસ મથકમાં અવાર-નવાર આવતો હોય જેથી તે આવીને કંપાઉન્ડમાં આંટા મારતો હોય

જેથી તેને કોનુ કામ છે. તેમ પુછતા તેને કોઇ જવાબ આપ્યો ન હતો અને જોરશોરથી ગાળો બોલી ધમાલ મચાવી હતી અને પોલીસ મથકમાં ફરજ બજાવતા હોમગાર્ડ જયદીપભાઈ પાસે જઈને તેના માટે જમવાનુ લઇ આવવાનુ કહેતા હોમગાર્ડએ જમવાનુ લઈ આવવાની ના પાડતા તેને ઉશ્કેરાઈ જઈ પીઆઈની ચેમ્બરમાં માથા અથડાવ્યા હતા અને કાચ ફોડી નાખ્યા હતા જેથી તેને પણ ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો.

# શાપર-વેરાવળમાં મહિલાનું પાડોશી શખ્સે ચાર વર્ષ સુધી શારીરિક શોષણ કરતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતી અને મજુરી કામ કરતી પરિણીતાને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ઘરમાં ઘુસી પાડોશી શખ્સે ચાર વર્ષ સુધી દુષ્કર્મ ગુજારતા પોલીસે ગુનો નોંધી આરોપીની સકંજામાં લીધો છે. માહિતી મુજબ શાપર વેરાવળમાં રહેતી ૨૭ વર્ષની પરિણીતાએ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે શાપર વેરાવળના પારડી ગામે રહેતા મુકેશ રાઠોડનું નામ આપતા જણાવ્યું હતું કે, પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપી ફરિયાદીનાં ઘર પાસે જ રહેતો હોય જેથી તેને તે ઓળખટી હતી. ચાર વર્ષ પહેલા પરિણીતા મહિલા કામે જતી હતી ત્યારે આરોપીએ રસ્તા પર રોકી તું મને બહુ ગમે છે મારી સાથે સંબંધ રાખ તેમ કહેતા પરિણીતાએ પોતે પરિણીત હોવાનું કહી સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો. થોડા સમય બાદ મુકેશે મોકો જોઈ પરિણીતા ઘરે એકલી હતી ત્યારે ઘરમાં ઘુસી છરીની બતાવી મહિલા પર દુષ્કર્મ આચર્યુ હતું અને બાદમાં પતિને મારી નાખવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચતો હતો. ચાર વર્ષ બાદ પરિણીતાએ આ બનાવ અંગે પોતાના પતિને વાત કરતાં શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી પોલીસે નરાધમને સકંજામાં લીધો હતો.

# સરધાર પાસે ટ્રકે રિક્ષાને ઠોકરે ચડાવતા એકનું મોતઃ સાતને ઈજા

## રાજકોટનો પરિવાર રિક્ષા ખરીદ કર્યા બાદ બાબરાના સીતાપર ગામે કુળદેવીના દર્શન કરવા જતી વેળાએ અકસ્માત નડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર ઘંટેશ્વર વિસ્તારમાં રહેતો પરિવાર જુની રીક્ષાની ખરીદી કર્યા બાદ બાબરાના સીતાપર ગામે કુળદેવીના દર્શન કરવા જઈ રહ્યો હતો ત્યારે સરધાર નજીક પહોંચતાં ટ્રકના ચાલકે રિક્ષાને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય સાત વ્યક્તિને ઈજા પહોંચી હતી. યુવકના મોતથી પરિવારમાં કરૂણકલ્પાંત સર્જાયો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર પચ્ચીસવારીયામાં રહેતા ભરતભાઈ શામજીભાઈ સાથડીયા નામનો ૪૨ વર્ષનો યુવાન ગત તા.૩૧નાં રોજ પોતાના પરિવાર સાથે સંજયની રિક્ષામાં બેસીને બાબરાના સીતાપર ગામે જઈ રહ્યો હતો ત્યારે સરધાર પાસે પહોંચતાં ટ્રક ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે રોડ પર ટ્રાફીક જામ સર્જાયો હતો અને લોકના ટોળા એકઠા થઈ ગયા હતા. એકઠા થઈ ગયેલા ટોળાએ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવા ૧૦૮ને જાણ કરી અકસ્માતમાં ઘવાયેલા રીક્ષા સવાર એક જ પરિવારના આઠ સભ્યોને ઈજા પહોંચતા તાત્કાલીક સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. હોસ્પિટલનાં બીછાને સારવાર લઈ રહેલા ભરતભાઈ સાથડીયાની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમ્યાન મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. યુવકના મોત અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટમાર્ટમ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો. આ અંગે પ્રાથમિક પુછપરછમાં મૃતક ભરતભાઈ સાથડીયા પાંચ ભાઈ અને એક બહેનમાં નાનો હતો અને તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. ભરતભાઈ સાથડીયા ભંગારનો ધંધો કરતો હતો. જુની રિક્ષાની ખરીદી કર્યા બાદ પરિવાર સીતાપર ગામે પોતાના કુળદેવી મહાકાળી માતાજીના મંદિરે દર્શન કરવા જતો હતો ત્યારે સરદાર પાસે જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજી ડેમ પોલીસે નોંધ કરી અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરૂધ્ધ કાનૂની તપાસનો દૌર લંબાવ્યો છે.

# રાજકોટના જીવાપર ગામે વાછરડાનું મારણ કરતો દીપડો

## બામણબોર ગ્રામ્ય વિસ્તારમાં દીપડો ફરી દેખાતા લોકોમાં ફફડાટઃ વન વિભાગને જાણ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જીવાપર ગામે વધુ એક વખત દીપડાએ એક વાછરડીનું મારણ કરતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને ત્વરીત દીપડાને પાંજરે પુરવામાં આવે તેવી વનવિભાગ સમક્ષ માંગ ઉચ્ચારી છે.

રાજકોટ જિલ્લાના બામણબોર ગામે જીવાપર ગામ પાસે રામદેવપીરના મંદિરની બાજુમાં આવેલ બાબુભાઈ મોહનભાઈ મેરની વાડીના માલ ઢોર બાંધવાના વાડામાં મોડી રાત્રે ખૂંખાર દીપડાએ એક વાછરડીનું મારણ કર્યું છે આ વિસ્તારમાં છેલ્લા દોઢેક મહિનાથી દીપડાનો ત્રાસ છે થોડા દિવસો પૂર્વે દીપડીને પાંજરે પૂરવામાં આવી હતી જેથી લોકોએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ હવે થોડા દિવસોથી ફરી જીવાપર બામણબોર પંથકમાં દીપડાએ દેખા દેતા અને વારંવાર પશુઓનું મારણ કરવામાં આવતું હોવાથી ગામના લોકો ભયભીત થઈ ગયા છે જીવાપરના ખેડૂતોએ દીપડાના ભયને લીધે રાત્રે વાડીએ જવાનું પણ બંધ કરી દીધું છે ગત રાતની ઘટના અંગે વન વિભાગ તંત્રને જાણ કરવામાં આવી હતી ગ્રામજનો દ્વારા તાત્કાલિક ધોરણે દીપડાને પકડી પાડવામાં આવે તેવી વન વિભાગના અધિકારીઓ સમક્ષ માંગ કરવામાં આવી છે.

# નવાગામમાં ગતિ એક્ષપ્રેસની ઓફિસમાંથી કર્મચારીએ રૂ.૧.૫૭ લાખના પાર્સલની ચોરી કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નવાગામ રંગીલા સોસાયટી પાછળ કેશવ રેસિડેન્સીમાં રહેતો અને નવાગામમાં આવેલ ગતિ એક્ષપ્રેસ એન્ડ સપ્લાય ચેન પ્રાઈવેટ લિમિટેડની ઓફિસમાં મેનેજર તરીકે નોકરી કરતો હિરેન ઈશ્વરભાઈ પરમારએ કુવાડવા પોલીસમાં ઓફિસના કર્મચારી શકદાર જતીન મુકેશ સુમલખાણીયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, કંપનીના ગ્રાહક અમર ક્રિએશન નામની પેઢીના ત્રણ પાર્સલ જે આંધ્રપ્રદેશમાં જય કૈલાશ સિલ્વરને મોકલાવવાના હતા. જેમાંથી એક પાર્સલ વજન બે કિલો ૪૨૩ ગ્રામ કિંમત રૂ.૧.૫૭ લાખની ચોરી કરી જતા ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે એએસઆઈ કે.વી.જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે.

# સુભાષનગરમાં હત્યાની કોશિષ કરનાર શખ્સને પકડવા ગયેલી પોલીસને દારૂ મળ્યો

## રણછોડનગરમાં મિલક્તના ઝઘડામાં કૌટુંબિક કાકાનો ભત્રીજા પર ધારીયા વડે હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના હનુમાનમઢી ચોક પાસે યુવાન પર ખુની હૂમલો કરનાર શખ્સને સુભાષનગરમાં પકડવા ગયેલી પોલીસને આરોપીના ઘરમાંથી દારૂનો જથ્થો મળી આવતા વધુ એક ગુનો નોંધાયો છે.

આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ પર આવેલ નહેરૂનગરમાં રહેતો ઈમરાન રમઝાન કચરા સહિત ત્રણ શખ્સોએ તેની ભાભી સામે ખરાબ નજરે જોવા બાબતે ગઈકાલે હનુમાનમઢી ચોક પાસે અલ્તાબ નામના યુવાન પર ખુની હૂમલો કરી નાસી ગયા હોય જે બાબતે એલસીબી ઝોન-૨ ના પીએસઆઈ ઝાલા કોન્સ્ટેબલ એમ.જે.જાડેજા તથા અમિનભાઈ ભુવર સહિતનો સ્ટાફ આરોપીને પકડવા સુભાષનગર શેરી નં.૮માં તેના રહેણાંક મકાનમાં દરોડો પાડતા આરોપી ઈમરાન કચરા હાજર નહિં મળી આવેલ પોલીસે ઘરની તલાસી લેતા રૂ.૭ હજાર કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે આરોપી વિરુધ્ધ વધુ એક ગુનો નોંધી શોધખોળ આદરી છે.

જ્યારે એક બનાવમાં સામાકાંઠે રણછોડનગરમાં રહેતો ઉમેશ કરશનભાઈ વેકરીયા નામનો પટેલ યુવાનના ઘર પાસે હતા તેના કુંટુબિક કાકા રાજેશ દેવજી વેકરિયા સાથે મકાન બાબતે મનદુઃખ ચાલતુ હોય જેનો ખાર રાખી રાજેશે લોખંડના ધારીયા વડે હૂમલો કરી યુવાનને હાથમાં ઈજા કરી અલટ્રો કારમાં નુકશાન કરતા બી.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વાલ્મીકી આવાસમાં ત્રણ શખ્સોએ યુવાનને મારમારી ઝેરી દવા પીવડાવ્યાનો આક્ષેપ

## યુવાન પાડોશી મહિલાના ઘરે ઈલેકટ્રીકનું કામ કરવા ગયો ત્યારે બનાવ બન્યો: પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઈલેકટ્રીશનને ત્રણ શખ્સોએ માર મારી તેને ઝેરી દવા પીવડાવી દેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હોસ્પિટલના બીછાને પડેલા ઈલેકટ્રીશનની માતાની ફરિયાદના આધારે પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. મહિલાના ઘરે વાયરીંગ કામ માટે આવેલા ઈલેક્ટ્રીશન સાથે ઝઘડો કરી ઝેરી દવા પીવડાવી દીધાનો તેની માતાએ આક્ષેપ કર્યો છે.



ઈલેક્ટ્રીક કામ કરવા ગયા હતાં ત્યારે વાલ્મીકી આવાસ યોજના ક્વાટર્સમાં રહેતા કેવીન રાઠોડ, મયુર રાઠોડ અને શૈલેષ પરમાર નામના શખ્સોએ 'તું મિતલબેનના ઘરનું વાયરીંગ શા માટે કરે છે ?' તેમ કહી ઝઘડો કર્યો હતો

આ અંગેની માહિતી મુજબ સામાકાંઠે વાલ્મીકી આવાસ યોજના ક્વાટર્સમાં એલ-૧૫માં રહેતા અને ઈલેક્ટ્રીશનનું કામ કરતાં દેવાંગ ઉર્ફે વિજય હિમંતભાઈ ગડીયલ (ઉ.૩૫) નામનો યુવાન તેના નજીક આવાસ યોજના ક્વાટર્સમાં રહેતા મિતલબેનના ઘરનું અને ત્રણેયે દેવાંગનું માથુ પકડી આવાસ યોજના ક્વાટર્સના ગેઈટ પાસે દરવાજા અને દિવાલ સાથે અથડાવી માર માર્યો હતો. ઈજાગ્રસ્ત દેવાંગને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ મામલે દેવાંગના માતા ઉષાબેન હિંમતભાઈ ગડીયલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. હોસ્પિટલમાં જ્યારે દેવાંગને સારવાર માટે લાવવામાં આવ્યો ત્યારે તેની માતાએ કેવીન, મયુર અને શૈલેષે દેવાંગને માર મારી પરાણે ઝેરી દવા પીવડાવી દીધાનો આક્ષેપ કર્યો હતો. જો કે આ મામલે પોલીસે આઈપીસી કલમ ૩૨૩,૩૨૪ મુજબ ગુનો નોંધ્યો છે. છેલ્લા ઘણા વખતથી ઈલેક્ટ્રીકનું કામ કરતો દેવાંગ બે ભાઈ અને એક બહેનમાં મોટો છે. અને અપરિણીત હોવાનું જાણવા મળ્યું છે. લાઈટીંગ અને વાયરીંગનું કામ કરતો દેવાંગ તેના આવાસ યોજના કવાટર્સમાં રહેતા મિતલબેનનું ઘરનું વાયરીંગનું કામ રાખ્યું હોય જે કેવીન અને મયુરને ગમ્યું ન હોવાથી માર મારી ઝેરી દવા પીવડાવી દીધાનું પોલીસ સમક્ષ જણાવતાં પીએસઆઈ એ.બી. ચૌધરીએ વધુ તપાસ શરૂ કરી છે.

# નવાગામના ગોડાઉનમાંથી રૂ.૧૦.૩૨ લાખના ૩૫ એસીની ચોરી

## નિર્મળા રોડ પર જલારામ સોસાયટીમાં પ્લોટ પર મકાન બનાવી વેંચાણ કરવાની લાલચ આપી શખ્સે કરી રૂ.૩૯ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવાગામના ગોડાઉનમાંથી રૂ.૧૦.૩૨ લાખની કિંમતના ૩૫ એસીની ચોરી અને નિર્મળા રોડ પર આવેલી જલારામ સોસાયટીમાં પ્લોટ ઉપર મકાન બનાવી વેંચાણ કરી આપવાની લાલચ આપી વૃધ્ધ સાથે રૂ.૩૯ લાખની ઠગાઈ થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાવ્યું છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ યુનિવર્સિટી રોડ પર રાધાપાર્કમાં રહેતા લોહાણા વેપારી દિપભાઈ હિતેષભાઈ સવજીણીયા એ બી ડિવિઝન પોલીસમાં રાજલક્ષ્મી સોસાયટીમાં આવેલ સાંનિધ્ય-૫ એપાર્ટમેન્ટમાં રહેતો ભાવેશ દેવા ઠાકર વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, નવાગામ ખાતે બંસી હોટલની બાજુમાં ન્યારા પેટ્રોલ પંપની સામે આવેલ તેના મિત્રના ગોડાઉનમાં તેનો ડ્રાઈવર ૩૫ એસી જેની કિંમત રૂ.૧૦.૩૨ લાખ થતી હોઈ આ શખ્સ આ ૩૫ એસી ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પીએઆઈ કે.ડી.મારૂએ પારશ ઠાકર વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં નિર્મળા રોડ પર જલારામ સોસાયટીમાં રહેતી બિલેન્ડા એસ્ટન હાઈલેન્ડ નામની ક્રિસચન વૃધ્ધાએ ગાંધીગ્રામ પોલીસમાં રૈયા ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં સોમનાથ સોસાયટીમાં રહેતો જીતેન્ કુવરજી મારૂ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ શખ્સે વૃધ્ધાને વિશ્વાસમાં લઈ મકાન બનાવી વેંચાણ કરી આપવાની લાલચ આપી રૂ.૩૯ લાખની માતબર રકમ લઈ લીધા બાદ મકાન કે રકમ પરત નહિં આપી વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ.બી.જાડેજાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પરસાણાનગરમાં સગીરનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પરસાણાનગરમાં સગીરએ કોઈ કારણોસર ઘરે પંખામાં ચુંદડી વડે લટકી આપઘાત કરી લેતાની ઘટના ચકચારી બની છે.ઘટનાની જાણ થતાં પ્ર.નગરનો પોલીસ સ્ટાફ દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે. પરસાણાનગર શેરી નં ૫માં રહેતા ગૌરવ રવિભાઈ મકવાણા ઉ.વ.૧૨ નામના સગીરે ઘરે બપોરના સમયે કોઈ કારણોસર આપઘાત કરી લેતા પ્ર.નગરના પીએસઆઈ કમલેશભાઈ ભગોરા સહીતનો સ્ટાફ દોડી ગયો હતો.મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે હાથ ધરેલ તપાસમાં સગીરને તેના પિતાએ બપોરે તડકામાં રમવા જવાની ના પાડતા માઠું લાગી આવ્યું હતું. જેથી સગીરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુકાવ્યું હતું. પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

# અગ્નિકાંડમાં વોર્ડ નં.૧૩ના ભાજપના કોર્પોરેટરની પોલીસે પુછપરછ હાથ ધરી

## મનપાના પૂર્વ ટીપીઓ સાગઠીયાએ ભાજપના નગરસેવક દ્વારા દોઢ લાખનો વહીવટ કર્યાનો આક્ષેપ કર્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન કાંડમાં અત્યાર સુધી અધિકારીઓ સામે પગલા લેવાઈ રહ્યા છે પરંતુ બે દિવસથી આ પ્રકરણમાં જેનું નામ ચર્ચામાં છે તે ભાજપના વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર નીતિન રામાણીને આખરે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમનું તેડુ આવ્યુ છે અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પુછપરછ ચાલી રહી છે.



આ અંગેની માહિતી મુજબ અગ્નિકાંડમાં પકડાયેલ પૂર્વ ટીપીઓ એમ ડી સાગઠીયા દ્વારા ભાજપના નગરસેવકએ દોઢ લાખનો વહીવટ કર્યાનો આક્ષેપ કરતા રાજકારણ ગરમાયુ હતું. દરમિયાન ભાજપના આક્ષેપીત નગરસેવક નીતિન રામાણીને નિવેદન માટે સીટ દ્વારા તેડું મોકલવામાં આવતા કોર્પોરેટર નીતિન રામાણી સાંજે ડીસીબી પોલીસ સ્ટેશન સમક્ષ હાજર થયાં હતા.

ડીસીબી પોલીસ સ્ટેશનમાં સીટના અધિકારીઓ દ્વારા નગરસેવક નીતિન રામાણીએ ક્યારે અને કોના કહેવાથી ઈમ્પેક્ટ ફી મુદ્દે કોને ભલામણ કરી હતી તેમજ જે આક્ષેપ થયો છે તે દોઢ લાખનો વહીવટ કર્યો હતો કે કેમ તે સહિતના મુદ્દે પૂછતાછ કરી નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જે આક્ષેપ કરવામાં આવ્યો છે તે આક્ષેપ અંગે પણ વિગતવારની પૂછતાછ કરવામાં આવી રહી હોવાનું ડીસીપી ક્રાઈમ પાર્થરાજ સિંહ ગોહિલએ જણાવ્યું હતું.વધુમાં જણાવ્યું હતું કે ડીસીબી પોલીસ સ્ટેશનના બીજા માળે નગરસેવકની એસીપી ક્રાઈમ બસિયા, પીઆઈ સંહિતાના અધિકારીઓ દ્વારા પુછપરછ કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું છે.

# જુલાઈ મહિનામાં નવા કાયદાની અમલવારીના પગલે અધિકારીઓને તાલીમ અપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા નવા કાયદાઓ અમલમાં લાવી, જુલાઈ મહિનાથી તેનો અમલ કરવાનું ચાલુ કરવા માટે સૂચનાઓ થઈ આવેલ હોઈ, આ બાબતે કરાઈ પોલીસ તાલીમ એકેડમી ખાતે પોલીસ અધિકારીઓની તાલીમ શરૂ કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક દ્વારા કરાઈ પોલીસ તાલીમ અકાદમી ખાતે તાલીમ લીધેલ પોલીસ અધિકારીઓ માસ્ટર ટ્રેઈનર દ્વારા અમદાવાદ શહેરના જુદા જુદા ઝોન માં આવેલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફને તાલીમ આપવા તમામ ઝોન ના ડીસીપી કક્ષાના પોલીસ અધિકારીઓને સૂચના કરવામાં આવેલ છે....

અમદાવાદ શહેર ઇન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર નીરજ બડગુજર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૦૬ રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ એસીપી જે ડિવિઝન પ્રદીપસિંહ જાડેજા તથા એસીપી કે ડિવિઝન યુવરાજસિંહ ગોહિલની આગેવાનીમાં જીઆઈડીસી વટવા ખાતે આવેલ વીઆઇએ હોલ ખાતે ઝોન ૦૬ વિસ્તારના વટવા, જીઆઈડીસી, ઈસનપુર, મણિનગર, નારોલ, કાગડાપીઠ અને દાણીલીમડા સાતેય પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફની નવા કાયદાના અમલ માટે આજથી ત્રણ દિવસ તા. ૦૭.૦૮.૦૯ જૂન ૨૦૨૪ ના રોજ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ કરાઈ પોલીસ તાલીમ અકાદમી ખાતે તાલીમ પામેલ માસ્ટર ટ્રેઈનર એવા વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એસ.ત્રિવેદી, કાગડાપીઠ પીઆઈ એસ.એ.પટેલ સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવશે. ત્રણ દિવસ દરમિયાન સાતેય પોલીસ સ્ટેશનના આશરે ૧૧૦૦ જેટલા પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓને નવા કાયદાની તાલીમ આપવામાં આવશે.

# અપ્રમાણસર મિલ્કતના કેસમાં મનપાના ડે.ચીફ ફાયર ઓફિસર ઠેબા ૩ દી'ના રિમાન્ડ પર

## અન્ય કેટલા અધિકારીઓ ભ્રષ્ટાચારમાં સંડોવાયા'તા તે મામલે તપાસ: ઠેબાએ પત્નીના નામે મહિકામાં ખેતીની જમીન, ગોંડલમાં પ્લોટ, વાવડીમાં શેડ, મોચીનગર-મહમદીબાગમાં પ્લોટ વસાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનની દુર્ઘટના બાદ શરૂ થયેલી વિવિધ તપાસમાં રાજકોટ ફાયર બ્રિગેડના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઠેબા પાસે અપ્રમાણસર મિલ્કત હોવાનું ખૂલતાં તેની સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. એસીબીની ટીમે ઠેબાને ત્રણ દિવસના રિમાન્ડ પર લઈ તપાસ આગળ ધપાવી હતી.



ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવા ઠેબાની વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૪ સુધીની આવક અને મિલકત અંગેની એસીબીએ તપાસ કરતાં ઠેબાની ૧,૧૮,૮૨,૯૦૦ની આવસ સામે ૧,૯૮,૭૭,૦૮૨નો ખર્ચ થયાનું ખુલ્યું હતું. આમ ૬૭.૨૭ ટકા વધુ અપ્રામણસર મિલકત બહાર આવી હતી. એસીબીની ટીમે તપાસ કરતાં ઠેબાએ મોચીનગરમાં પ્લોટ લઈ મકાન બનાવ્યું હતું. મહમદી બાગમાં એક પ્લોટ ખરીદ કર્યો હતો. વાવડીમાં પુત્રીના નામે શેડ ખરીદ કર્યો છે. મહિકામાં પત્નીના નામે ખેતીની જમીન છે. ગોંડલમાં પત્નીના નામે એક પ્લોટ હોવાનું બહાર આવ્યું હતું. એસીબીની ટીમે ભીખા ઠેબા સામે ગુરુવારે ગુનો નોંધ્યા બાદ તેની ધરપકડ કરી હતી અને શુક્રવારે ભીખાને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરી આરોપીને એસીબીને હવાલે કર્યો હતો. ભીખા ઠેબા ફાયર બ્રિગેડમાં ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર તરીકે કામ કરતા હતા તેમની ફરજનો ગેરલાભ ઉઠાવી તેમણે વધારાની આવક મેળવી હતી. આ સંજોગોમાં તેની સાથે અન્ય કેટલા અધિકારીઓની સંડોવણી છે તે મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી હતી.

# જંગલેશ્વરની મહેશ્વરી સોસાયટીમાં બે જૂથ વચ્ચે મારામારી: ત્રણને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરની મહેશ્વરી સોસાયટીમાં વાગ્દતાના ફોટા ડીલીટ કરવા મુદ્દે બે પક્ષો વચ્ચે ગત રાત્રે ફોનમાં માથાકુ થયા બાદ ધોકા-છરી-લોખંડની પટ્ટીથી મારામારી થતા ત્રણ લોકોને ઈજા થતા હોસ્પીટલે ખસેડાયા હતા આ બનાવમાં બંને પક્ષના સાત વિરુદ્ધ સામસામી ફરિયાદ નોંધાવાઈ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરની મહેશ્વરી સોસાયટીના પ્રણામી ચોકમાં રહેતા અરબાઝ રફીકભાઈ ફૂફાર ઉ.૨૪એ આદીલ શેખ, હુશેન ભાણો, સલમાન ઉર્ફે ભોદીયો અને સુફિયાન સામે



ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે નાના ભાઈ તેજીમની ઈમરાનભાઈની દીકરી મહેક સાથે એક વર્ષ પૂર્વે સગાઇ થઇ છે તેના ફોટા કોઈ ગૃપમાં શેર થયા હોય તે બાબતે સમજાવતા ફોટો ડીલીટ કરાવી દેશે તેવું જણાવ્યું હતું આ અંગે ઈમરાનભાઈના કુટુંબી આદીલએ ભાઈને ફોન કરી ગાળો ભાંડી હોય મેં ફોન કરતા મને પણ ગાળો ભાંડી રાત્રે ઘરે આવી ધોકા-છરીથી હુમલો કરતા મને અને ભાઈ ફરદીનને ઈજા થઈ હતી જયારે નવી ઘાંચીવાડમાં રહેતા આદીલ રહીમભાઈ શેખએ અરબાઝ ફૂફાર, ફરદીન અને તેજીમ સામે વળતી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ગુરૂવારે રાત્રે તેજીમ ફોન કરી જેમ તેમ બોલતો હોય હું મિત્રો સાથે તેના ઘરે જતા ત્રણેયે ધોકાથી માર મારી લોખંડની પટ્ટીથી મારકૂટ કરી ઢીકાપાટુનો માર મારી છરીથી હુમલો કર્યો હોવાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં રૂા.૩ લાખની ચાંદીના પાર્સલની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

## સામાકાંઠાના વેપારીએ ૧૨ લાખની ચાંદીના પાર્સલ મોકલ્યા'તા: ત્રિપુટીએ એક પાર્સલ ચોરી લીધુ હતું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૂડા ટ્રાન્સપોર્ટ નગરમાંથી રાજકોટના ચાંદીના વેપારીના રૂપિયા ૩ લાખના ચાંદીના પાર્સલની ચોરીની ઘટના બની હતી. જેમાં પોલીસને આ મામલે જાણ કરવામાં આવતાં સીસીટીવી ફુટેજના આધારે આ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે અને આ મામલે ટ્રાન્સપોર્ટના ત્રણ કર્મચારીઓને પોલીસે સકંજામાં લઈ પુછપરછ કરતાં ચોરીની કબૂલાત આપી છે. આ મામલે હવે પોલીસ વિધીવત ગુનો નોંધે તેવી શક્યતા છે. ટ્રાન્સપોર્ટનગરમાં આવેલા એક ટ્રાન્સપોર્ટ કંપનીના કર્મચારીઓએ જ આ ચોરીને અંજામ આપ્યું હોવાનું જાણવા મળતાં ચકચાર જાગી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટનાં સામાકાંઠે ચાંદીના વેપારી જેઓ અવારનવાર રાજકોટનાં અમદાવાદ-હાઈવે પર આવેલા ટ્રાન્સપોર્ટ નગરના એક ટ્રાન્સપોર્ટમાંથી ચાંદીના પાર્સલ અમદાવાદ અને અન્ય રાજ્યોમાં મોકલતા હોય થોડા દિવસો પૂર્વે સામાકાંઠાના આ વેપારીએ આશરે ૧૨ લાખના ચાંદીના ચાર પાર્સલ આ ટ્રાન્સપોર્ટ મારફતે અમદાવાદનીએક પઢીમાં મોકલ્યા હતાં. ચાંદીના વેપારીએ જે પેઢીને આ ૧૨ લાખના પાર્સલ મોકલ્યા તે પેઢીમાં ચારની બદલે માત્ર ત્રણ જ પાર્સલ પહોંચ્યા હોય પાછળથી એક પાર્સલ કદાચ મોકલવામાં આવશે તેવું માની રાજકોટની પેઢીએ બે દિવસ સુધી રાહ જોયા બાદ ચોથુ પાર્સલ નહીં. આવતાં પ્રથમ અમદાવાદનાં જે ટ્રાન્સપોર્ટમાં રાજકોટથી ચાંદીના પાર્સલની ડીલેવરી આવી હતી તેનો સંપર્ક કર્યો હતો. આ ટ્રાન્સપોટર અમદાવાદથી ત્રણ જ પાર્સલની ડીલેવરી થયાનું જણાવ્યું હતું.

અમદાવાદની જે પેઢીએ ચાંદીના ચાર પાર્સલ મંગાવ્યા હતાં તેમણે ત્રણ પાર્સલ મળતાં રાજકોટનાં વેપારીનો સંપર્ક કર્યો હતો. ત્રણ પાર્સલ મળ્યાની વાતથી ચાંદીના વેપારી પણ ચોંકી ગયા હતાં. કારણ કે તેમણે ૧૨ કિલો ચાર પાર્સલ રૂડા ટ્રાન્સપોર્ટનગરના ટ્રાન્સપોર્ટમાંથી બુક કરાવ્યા હતાં અને મોકલ્યા હતાં. આ મામલે જ્યારે ચાંદીના વેપારીએ ખરાઈ કરવા માટે જે ટ્રાન્સપોર્ટ મારફતે ચાંદીના ચાર પાર્સલ બુક કરાવવામાં આવ્યા હતાં ત્યાં પહોંચ્યા હતાં અને સમગ્ર બાબતે ટ્રાન્સપોર્ટરને વાકેફ કરતાં ટ્રાન્સપોર્ટરે ચાર પાર્સલનું બુકીંગ થયું હોય અને તે જ પાર્સલ અમદાવાદ રવાના કર્યાનું જણાવ્યું હતું. બે દિવસ સુધી ચાલેલી રકજક બાદ મામલો કુવાડવા પોલીસ મથકમાં પહોંચ્યો હતો.

પાર્સલની ચોરી થયાનું માનીને કુવાડવા પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી. પ્રારંભીક તપાસમાં ટ્રાન્સપોર્ટના સીસીટીવી કેમેરા તપાસ્યા હતાં. જેમાં ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતાં કર્મચારીઓની પણ ઉલટ પુછપરછ કરી હતી. આ ઘટનામાં રૂડા ટ્રાન્સપોર્ટનગરના જે ટ્રાન્સપોર્ટમાંથી પાર્સલ મોકલવામાં આવ્યા તેના ત્રણ કર્મચારીઓ શંકાના પરીઘમાં આવતાં કુવાડવા પોલીસે ત્રણેયને સકંજામાં લઈ પુછપરછ કરતાં આ ત્રિપુટીએ ત્રણ લાખની કિંમતના એક પાર્સલની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. કુવાડવા પોલીસે ત્રણેય પાસેથી ચોરાઉ આશરે ૩ લાખની કિંમતના ચાંદીના પાર્સલ કબ્જે કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ગેમઝોન અગ્નિકાંડમાં બચી ગયેલા બાળકોના સીટ દ્વારા નિવેદન નોંધાયા

## ટીઆરપી ગેમઝોનમાં એસી, સાઉન્ડ સિસ્ટમ ફીટ કરનાર લોકોની પોલીસ દ્વારા પુછપરછ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોનમાં થયેલ દુર્ઘટનામાં ૨૭ નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા આ કેસને કોર્ટમાં વધુ મજબુત બનાવવા માટે સીટ દ્વારા કાગળ ઉપરની કામગીરી વધુ મજબુત કરવા કવાયત હાથ ધરવામાં આવી છે સંલગ્ન શાખાના કર્મચારીઓના નિવેદન નોંધ્યા બાદ હવે આ દુર્ઘટના બની ત્યારે ત્યાં હાજર બાળકનું સાક્ષી તરીકે નિવેદન નોંધવામાં આવ્યું છે આ ઉપરાંત આ ગેમઝોનમાં એસી તથા સાઉન્ડ સીસ્ટમ વગેરે ઇલેક્ટ્રિક પાર્ટ્સ ઈન્સ્ટોલ કરનાર જે તે લોકોને પણ ડીસીબીએ બોલાવી સીટ દ્વારા પુછતાછ કરવામાં આવી રહી છે. રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે એક આરોપી જેલહવાલે થઈ ગયો



છે જયારે અન્ય એકની શોધખોળ ચાલી રહી છે ત્યારે આ ગંભીર દુર્ઘટનામાં દોષિત તમામ આરોપીને કડકમાં કડક સજા થાય તે હેતુસર સીટ દ્વારા કાયદાકીય સકંજો કસવામાં આવી રહ્યો છે ત્યારે આ ગેમઝોનમાં ગેમ રમવા ગયેલા દક્ષ કુંજડીયાનું અધિકારીઓ દ્વારા નિવેદન નોંધવામાં આવ્યું હતું દક્ષ તેના ભાઈ ધુમીલ સાથે ૨૫ તારીખે ગેમઝોનમાં ગયો હતો બંને ભાઈઓ ઉપરના માળે બોલિંગ ઝોનમાં રમી રહ્યા હતા ત્યારે અચાનક આગ ભભૂકી ઉઠી હતી

પરંતુ બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હોવાથી બંનેએ હિંમતપૂર્વક પતરાને પાટા મારીને તોડી નાખ્યા હતા અને રસ્તો કરી આગથી બચવા માટે ત્યાંથી કુદકો માર્યો હતો જેમાં ધ્રુમીલને ઈજા થતા ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો દક્ષએ નજરે જોયેલ ઘટનાનો ચિતાર પોલીસ સમક્ષ વર્ણવ્યો હતો.

આ ઉપરાંત ગેમઝોનમાં ગરમી ન થાય તે માટે અનેક સ્થળે એસી તેમજ સાઉન્ડ સીસ્ટમ ઈન્સ્ટોલ કરનાર લોકોને ડીસીબી પોલીસ સ્ટેશને ખાતે બોલાવવામાં આવ્યા હતા ઇલેક્ટ્રિક ગેજેટમાં વાયરીંગની જરૂર પડતી હોય તેમજ એસીમાં ગેસની હાજરી પણ હોય જેથી આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તેમ હોય અંગે કેટલી તીવ્રતા હોય શકે છે તે અંગેની માહિતી એકત્ર કરવા નિવેદન નોંધવામાં આવ્યું હતું.

# રાજકોટ રેલ્વે એલસીબીની ટીમે છ કિલો ગાંજા સાથે ઝારખંડના બે શખ્સોને દબોચી લીધા

## ઝારખંડના બીએના છાત્ર સહિત બે શખ્સો ૬૦ હજારનો ગાંજો મોરબી આપવા આવ્યા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલ્વે એલસીબીએ રાજકોટ રેલ્વે સ્ટેશન ઉપરથી ઝારખંડના કોલેજીયન છાત્ર સહીત બે શખ્સોને ૬૦ હજારની કિંમતના ૬ કિલો ગાંજા સાથે ઝડપી લઈ પુછતાછ કરતા બંને પેડલરની ભૂમિકામાં હોય અને ગાંજો મોરબી પહોચાડવાની માહિતી આપતા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

રાજકોટ રેલ્વે સ્ટેશન ઉપર લાંબા અંતરની ટ્રેનો આવતી હોય જેમાં ગેરકાયદે માદક પદાર્થોની હેરાફેરી થતી હોવાની શંકાએ પશ્ચિમ રેલ્વે એલસીબી પીઆઈ એચ એમ રાણા, પીએસઆઈ જે એમ પરમાર સહિતની ટીમ પ્લેટફોર્મ નંબર ૧ ઉપર ચેકિંગમાં હતી દરમિયાન શાલીમાર ટ્રેન આવી હોય મુસાફરોનું ચેકિંગ કરવામાં આવતું હતું તે દરમિયાન બે શકમંદો અમુલ



પાર્લર પાસે શંકાસ્પદ હિલચાલ કરતા નજરે પડતા બંનેને સકંજામાં લઈ જડતી લેતા તેમની પાસે રહેલ બેગ ચેક કરતા અંદરથી ૫૯,૫૦૦ રૂપિયાની કિમતનો ૫ કિલો ૯૫૦ ગ્રામ ગાંજો મળી આવતા બંનેના નામઠામ પૂછતાં ઝારખંડના બડા પોખરીયા ગામના બીએનો અભ્યાસ કરતા હાલ મોરબી રંગપર બેલા રહેતો રાસિકા ફૂલચાંદ ગોપ ઉ.૨૩ અને બીજો ઝારખંડના ગુલી ગામનો અને હાલ મોરબી રંગપર બેલા રહેતો પુરુષોતમ ગુરૂ ગોપ ઉ.૨૧ હોવાનું જણાવતા બંને વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી ગાંજો, બે મોબાઈલ સહીત ૭૬,૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની પ્રાથમિક પુછતાછમાં બંનેને ઝારખંડથી સોયબ મસ્તાન નામના શખ્સે ગાંજો બેગમાં ભરી આપ્યો હતો બંને પેડલર તરીકે કામ કરે છે આ ગાંજો મોરબી પહોચાડવાનો હતો પરંતુ રાજકોટમાં જ પકડાઈ ગયા હતા ટ્રેન આવે ત્યારે વધુ ચેકિંગ હોવાથી થોડીવાર ઉભા રહી ગયા હતા પરંતુ પોલીસની નજરમાંથી બચીશક્યા ન હતા.